સુવિચાર

મહત્વના બનવું તે સારૂ છે પણ સારા બનવું તે વધુ મહત્વનું છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



ગોંડલમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ખુલ્યોઃ તસ્કર ઝડપાયો, બેની શોધખોળ P-4

Year-16, Issue-248 ■ DATE : 03-02-2026 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અમેરિકાએ ટેરિફ ઘટાડાની જાહેરાત કરતા શેરબજારમાં દિવાળી

## સોના-ચાંદીમાં પણ અભૂતપૂર્વ તેજીઃ પ્રારંભમાં સેન્સેકસમાં ૪૨૦૦ પોઈન્ટનો ઉછાળોઃ ગણતરીની મીનીટોમાં જ રોકાણકારો માલામાલઃ ડોલર સામે રૂપિયાની જોરદાર છલાંગ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત અને અમેરિકા વચ્ચે મહિનાઓથી અટવાયેલી ટ્રેડ ડીલ અને તેના પરિણામે સર્જાયેલા ટેરીફ વોરનો છેવટે ઉકેલ આવી જતા આજે ભારતીય શેરબજારથી માંડીને સોના-ચાંદી અને રૂપિયા સુધીની પ્રોડકટોમાં અભુતપૂર્વ તેજી સર્જાઇ હતી અને ગણતરીની મીનીટોમાં ઇન્વેસ્ટરોને લાખો-કરોડો રૂપિયાની કમાણી થઇ ગઇ હતી.

રાતોરાત ચિત્ર પલ્ટાઇ ગયું હોય તેમ કેટલાક દિવસોથી ચાલતી પ્રચંડ મંદીના સ્થાને જોરદાર તેજીનો માહોલ રચાઇ ગયો હતો. સેન્સેકસ અને નિફટી ઓલ ટાઇમ હાઇ લેવલથી થોડાક જ દુર રહી ગયા હતા.

ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલની ગઇ રાત્રે જાહેરાત થઇ હતી. જે અંતર્ગત અમેરિકાએ ભારત પરના ટેરીફમાં ધરખમ ઘટાડો કર્યો હતો. ૫૦ ટકાની ટેરીફ ઘટાડીને માત્ર ૧૮ ટકા કરી દેવામાં આવી હતી. આ નિર્ણયની જાહેરાત સાથે જ ગઇ રાત્રે જ માર્કેટમાં મોટી તેજી થવાના સંકેતો ઉઠવા લાગ્યા હતા અને આજે માર્કેટો ખુલતાની સાથે જ જોરદાર તેજી થઇ હતી.

શેરબજારને લાગેવળગે છે ત્યાં સુધી પ્રારંભિક કામકાજમાં સેન્સેકસ એક તબકકે ૪૨૦૪ પોઇન્ટ ઉંચકાઇને ૮૫,૮૭૧ના લેવલ સુધી પહોંચી ગયો હતો જે પછી ૨૧૨૯ પોઇન્ટના ઉછાળાથી ૮૩,૭૯૬ સાંપડયો હતો. સેન્સેકસમાં ઉંચામાં ૮૫,૮૭૧ તથા નીચામાં ૮૩,૫૯૫ થયો હતો.

ટ્રેડ ડીલના પગલે હવે ફરી વખત વિદેશી નાણુ ભારતીય માર્કેટમાં આવવાનો આશાવાદ ઉભો થયો હતો અને તેને પગલે અર્થતંત્રને પણ નવું બુસ્ટર ડોઝ મળવાની ગણતરી વ્યકત થવા લાગી હતી. નિફટી ૬૪૧ પોઇન્ટના ઉછાળાથી ૨૫,૭૩૬ હતો જે ઉંચામાં ૨૬,૩૪૧ તથા નીચામાં ૨૫,૬૭૫ હતો.

શેરબજારમાં ૯૦ ટકા શેરોમાં ઉછાળો હોય તેમ એનએસઇમાં ૨૫૦૦ શેરોમાં તેજી હતી જયારે માત્ર ૧૫૫ શેરો જ ડાઉન હતા. અમેરિકા સાથેની ટ્રેડ ડીલને પગલે અદાણીના શેરોમાં જબરદસ્ત ઉછાળો નોંધાયો હતો. અદાણી એન્ટરપ્રાઇઝ, અદાણી ગ્રીન એનર્જી સહિતના શેરો ઉંચકાયા હતા.

આ સિવાય સીજી પાવર, એચડીએફસી બેંક, રિલાયન્સ, આઇસીઆઇસીઆઇ બેંક, એમસીએકસ, વોડાફોન, યસ બેંક, સુઝલોન, ભારત ફોર્જ વગેરેમાં ઉછાળો હતો. તેજી બજારે પણ ઓએનજીસી, ગોદરેજ કન્ઝયુમર, હિન્દ પેટ્રો, આઇએફબી એગ્રો જેવા કેટલાક શેરો રેડ ઝોનમાં હતા. ગણતરીની મીનીટોમાં જ બીએસઇનું માર્કેટ કેપીટલાઇઝેશન ૧૩ લાખ કરોડ વધી ગયું હતું અર્થાત ઇન્વેસ્ટરોને જંગી કમાણી થઇ હતી.

બીજી તરફ સોના-ચાંદી પણ નવેસરથી સળગ્યા હતા. છેલ્લા ત્રણ-ચાર દિવસના પ્રચંડ કડકા બાદ જોરદાર ઉછાળો નોંધાયો હતો. કોમોડીટી એકસચેંજમાં સોનુ ૪૨૪૨ના ઉછાળાથી ૧,૪૮,૨૩૩ સાંપડયું હતું જે ઉંચામાં ૧,૪૯,૪૮૫ તથા નીચામાં ૧,૪૭,૨૧૫ થયું હતું.

વિશ્વબજારમાં ૧૪૩ ડોલર વધીને ૪૮૦૩ ડોલર હતું. ચાંદીના ભાવમાં ૨૧,૦૦૦નો ધરખમ ઉછાળો હતો. કોમોડીટી એકસચેંજમાં ૨,૫૧,૬૨૩નો ભાવ સાંપડયો હતો. જે પૂર્વે ઉંચામાં ૨,૫૭,૪૮૦ તથા નીચામાં ૨,૪૫,૭૧૧ થઇ હતી.

કરન્સી માર્કેટમાં પણ ડોલર સામે રૂપિયાએ જબરદસ્ત છલાંગ લગાવી હતી. ૧૬૩ પોઇન્ટના ઉછાળાથી ડોલર સામે રૂપિયો ૯૦.૨૮ સાંપડયો હતો.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૬૭/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૩૬/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૫૧,૮૦૦ | ₹૨,૮૦,૦૦૦ |
| | -૧૪૨૦ | -૨૦,૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૩૨ | ₹૧૨૩.૬૬ |

# બંધારણનું પાલન ન કરી શકતા હોય તો ભારત છોડી ચાલતી પકડો

## સુપ્રીમ કોર્ટે મેટા અને વોટ્સએપ વિરૂધ્ધ કડક વલણ અપનાવ્યું



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપ તથા તેની પેરેન્ટ કંપની મેટાની ઝાટકણી કાઢી છે. ૨૦૨૧ની પ્રાઈવસી પોલિસી મામલે સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી થઈ. જેમાં કેન્દ્ર સરકાર તરફથી હાજર થયેલા સોલિસિટર જનરલે દલીલ કરી કે વોટ્સેપની પ્રાઈવસી પોલિસી શોષણકારી છે. વોટ્સએપ યુઝરનો ડેટા શેર કરે છે અને તેનો ઉપયોગ કરી કમાણી પણ કરે છે.

આ સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડિયા કંપની મેટા અને તેની મેસેજિંગ એપ વોટ્સએપ વિરુદ્ધ કડક વલણ અપનાવ્યું. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતે કડક શબ્દોમાં મેટા અને વોટ્સએપને ફટકાર લગાવતા કહ્યું કે, જો તમે અમારા બંધારણનું પાલન ન કરી શકતા હોવ તો ભારત છોડીને ચાલતી પકડો. અમે ભારતના કોઈ પણ નાગરિકની પ્રાઈવસી જોખમમાં ના મૂકી શકીએ. કોઈ વૃદ્ધ મહિલા, રસ્તા કિનારે વેપાર કરતી વ્યક્તિ કે પછી માત્ર તમિલ આવડતું હોય તેવા લોકો તમારી પોલિસી કેવી રીતે સમજી શકે?

ચીફ જસ્ટિસે વોટ્સએપને કડક શબ્દોમાં કહ્યું કે, તમે અહીં સર્વિસ આપવા માટે છો, લોકોનો ડેટા ભેગો કરી શેર કરવા માટે નહીં. અમને પણ તમારી પોલિસી સમજવામાં સમસ્યા આવે છે તો બિહારના ગામમાં રહેતા લોકોને શું સમજાશે? ડૉક્ટર વોટ્સેપમાં ત્રણ દવા લખીને આપે તો ૫ મિનિટમાં દવાની જાહેરાતો ફોનમાં દેખાવવા લાગે છે.

સુપ્રીમ કોર્ટે વોટ્સએપને નિર્દેશ કર્યો કે, અમે તમને યુઝર્સનો ડેટા મેટાને શેર કરવાની મંજૂરી નહીં આપીએ. યુઝર્સને એપની 'લત' લગાવી દેવામાં આવી છે અને હવે તેમની મજબૂરીનો ફાયદો ઉઠાવાઈ રહ્યો છે. પૈસા કમાવવા માટે લાખો યુઝર્સના ડેટાનો દુરુપયોગ કરવામાં આવે છે. ભારતના યુઝર્સ મૌન છે તેનો અર્થ એ નથી કે તમે ગમે તેનો ડેટા વેચવા લાગો! સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટે તમામ પક્ષોને નોટિસ પાઠવી છે તથા આ કેસ પર હવે ત્રણ જજોની બેન્ચ સુનાવણી કરશે. આ મામલે ૯ ફેબ્રુઆરીએ વધુ સુનાવણી થશે. કોર્ટે તમામ સંબંધિત પક્ષોને એફિડેવિટ દાખલ કરવા નિર્દેશ આપ્યા છે.

# 'અમેરિકા સાથે ટ્રેડ ડીલથી સારું વાતાવરણ બન્યું': મોદી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત અને અમેરિકા વચ્ચે થયેલા ટેરિફ સોદાને લઈને સંસદ પરિસરમાં NDA સાંસદો દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પીએમ મોદીએ જણાવ્યું હતુ કે, લોકો ટીકા કરી રહ્યા હતા પરંતુ આપણે ધીરજ રાખી અને તેનું સકારાત્મક પરિણામ આવ્યું છે.

પીએમ મોદીએ NDA સંસદીય દળની બેઠકમાં કહ્યું કે, તમામ સાંસદો સદનમાં હાજર રહે, ચર્ચામાં ભાગ લે તે જરૂરી છે. બજેટની ઉપલબ્ધિઓ અંગે જનતા વચ્ચે જાઓ અને તેમને જણાવો. પીએમ મોદીએ કહ્યું કે, અમેરિકા સાથે ટ્રેડ ડીલ થતા વાતાવરણ સારુ બન્યું છે. હવે મેન્યૂફેક્ચરિંગ વધે તથા ક્વોલિટી



પ્રોડક્ટ બને તેવા પ્રયાસો શરૂ કરવા જોઈએ. કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ જણાવ્યું હતું કે, મોદીના નેતૃત્વમાં ભારતે યુરોપિયન યુનિયન, યુએઈ, મોરિશિયસ, ઓસ્ટ્રેલિયા, યુકે, ન્યુઝીલેન્ડ અને અમેરિકા જેવા દેશો સાથે વેપાર કરાર કર્યા છે. આ કોઈ સામાન્ય સિદ્ધિ નથી; વિશ્વમાં ભારતનું કદ વધ્યું છે તેનું જ આ પરિણામ છે. માત્ર એક અઠવાડિયા પહેલા જ ભારત-યુરોપિયન યુનિયન ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર થયા અને હવે અમેરિકા સાથે પણ કરાર થયા છે.

# બજેટમાં નિયમો બદલાતા ભારતીયો રૂ.૭૫ હજાર સુધીનો ડ્યુટી ફ્રી સામાન લાવી શકશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રીય બજેટમાં વ્યાપારી કસ્ટમ ડ્યુટીમાં ફેરફાર બાદ હવે સરકારે વિદેશથી આવતા ભારતીય સહિતના તમામ મુસાફરો માટે ડ્યુટી ફ્રી બેગેજના નિયમોમાં ફેરફાર કર્યો છે અને અગાઉની કિંમત પધ્ધતિના બદલે સોનામાં વજન મુજબ ડ્યુટી ફ્રી આયાતની છૂટ આપી છે. નવા નિયમો મુજબ ભારતીય નાગરિક એટલે કે ભારતીય પાસપોર્ટ ધરાવતો હોય તે વિદેશ ગયા હોય તેઓ પરત આવતા સમયે પોતાની સાથે રુા.૭૫ હજાર સુધીનો વિદેશી સામાન કે જે આયાત કરવાની છૂટ હોય તે મર્યાદામાં પોતાની સાથે લાવી શકશે. જેમાં ઈલેકટ્રોનીક સહિતના સાધનોનો પણ સમાવેશ થાય છે. આ મર્યાદામાં લાવનારને કોઇ ડ્યુટી ભરવાની જરુર પડશે નહીં.

આ મર્યાદા મુળ ભારતીય ટુરીસ્ટ કે જે ઓરીજન ઓફ ઈન્ડિયન કાર્ડ ધરાવતા હોય તેને પણ લાગુ કરશે. તો વિદેશથી ટુરીસ્ટ સિવાયના વિઝા ઉપર ભારત આવે તેને માટે પણ રુા.૭૫ હજારની મર્યાદા અમલી બની છે. પરંતુ વિદેશી પાસપોર્ટ ધરાવતા અને ટુરીસ્ટ સહિતના વિઝા પર કામ ચલાઉ રીતે ભારત આવતા વ્યકિતને રુા.૨૫ હજાર સુધીનો ડ્યુટી ફ્રી સામાન આયાત કરવાની છૂટ રહેશે.



જો કે વિમાની ક્રુ મેમ્બરની વ્યાખ્યામાં આવતા વ્યક્તિને રુા.૨૫૦૦ સુધીની ચીજવસ્તુ આયાત કરવાની છૂટ રહેશે. જો કે જમીની સરહદથી આવતા મુસાફરોને આ પ્રકારે કોઈપણ ડ્યુટી ફ્રી લાભ મળશે નહીં. આ ઉપરાંત ભારતમાં નોકરી કે વ્યવસાય માટે વિદેશથી આવતા વ્યકિત જેને રેસીડેન્સ વિઝા આપવામાં આવ્યા હોય તેના માટે ૧૨ માસ સુધી ભારતમાં રહેનારને રુા.૧.૨૫ લાખ, જ્યારે એક વર્ષ થી બે વર્ષના સમયગાળા માટે આ વિઝા મેળવવાનારને રુા.૩ લાખ અને બે વર્ષથી વધુના વિઝા મેળવનારને રુા. ૭.૫૦ લાખ સુધીની ડ્યુટી ફ્રી આયાતની છૂટ રહેશે.

# કોઈપણને ખાનગી પરિસરમાં ધાર્મિક કાર્યક્રમ યોજવાનો મૌલિક અધિકારઃ અલ્હાબાદ હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એક મહત્વપૂર્ણ ચુકાદામાં ઉત્તર પ્રદેશમાં અલ્હાબાદ હાઈકોર્ટે સ્પષ્ટતા કરી છે કે કોઈપણ વ્યક્તિ કે સમુદાયને તેમના ખાનગી પરિસરમાં ધાર્મિક પ્રાર્થના સભા યોજવા માટે રાજ્ય સરકાર કે વહીવટીતંત્ર પાસેથી પૂર્વ પરવાનગી લેવાની જરૂર નથી.આ અધિકાર ભારતીય બંધારણની કલમ ૨૫ હેઠળ ગેરંટીકૃત મૌલિક અધિકારોનો એક ભાગ છે, જેને સામાન્ય પરિસ્થિતિઓમાં મર્યાદિત કરી શકાતો નથી.

પોતાના નિર્ણયમાં કલમ ૨૫નો ઉલ્લેખ કરતા હાઈકોર્ટે જણાવ્યું હતું કે દરેક નાગરિકને પોતાના ધર્મને માનવાનો, તેનું પાલન કરવાનો અને તેનો પ્રચાર કરવાની સ્વતંત્રતા છે. જ્યારે કોઈ ધાર્મિક પ્રવૃત્તિ સંપૂર્ણપણે ખાનગી મિલકતમાં અને શાંતિપૂર્ણ રીતે કરવામાં આવી રહી છે તો તેને



કાયદાના દાયરામાં પરવાનગી માંગવા માટે બાધ્ય કરવું યોગ્ય નથી. આવા કિસ્સાઓમાં વહીવટી હસ્તક્ષેપ બંધારણની ભાવનાની વિરુદ્ધ હશે.

જોકે, કોર્ટે એ પણ સ્પષ્ટતા કરી હતી કે આ સ્વતંત્રતા ફક્ત ત્યારે જ માન્ય રહેશે જો ધાર્મિક પ્રાર્થના મેળાવડા સંપૂર્ણપણે ખાનગી પરિસરમાં યોજવામાં આવે. જો મેળાવડાની પ્રકૃતિ એવી હોય કે તેની અસર જાહેર ક્ષેત્ર સુધી પહોંચે અથવા તેનાથી જાહેર વ્યવસ્થા, શાંતિ અથવા ટ્રાફિકને ખલેલ પહોંચશે તો વહીવટીતંત્ર જરૂરી પગલાં લઈ શકે છે.

ખાનગી પરિસરમાં પ્રાર્થના સભાઓ યોજવા પર વહીવટી વાંધાને પડકારતી અરજીની સુનાવણી દરમિયાન આ નિર્ણય આવ્યો હતો. અરજદારે દલીલ કરી હતી કે ખાનગી મિલકત પર શાંતિપૂર્ણ ધાર્મિક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવાથી મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થાય છે. કોર્ટે આ દલીલ સાથે સંમત થયા અને વહીવટી કાર્યવાહીને ગેરવાજબી જાહેર કરી.

આ નિર્ણયને ધાર્મિક સ્વતંત્રતા સાથે સંકળાયેલા ભવિષ્યના કેસ માટે એક મહત્વપૂર્ણ ઉદાહરણ માનવામાં આવી રહ્યો છે. તે સ્પષ્ટ સંદેશ આપે છે કે ખાનગી જીવન અને ખાનગી મિલકતમાં બંધારણીય અધિકારોનું સન્માન કરવું જોઈએ, જ્યાં સુધી તે જાહેર શાંતિ અને વ્યવસ્થાને અસર ન કરે.

## વસંત ગજેરાને ત્યાં આઇટી તપાસ પૂર્ણઃ સીએ સામે કાર્યવાહી કરવા તજવીજ

વસંત ગજેરા એન્ડ કંપની સાથે સંકળાયેલાઓને ત્યાં શરુ કરવામાં આવેલી આઇટીની તપાસ છ દિવસે પૂર્ણ થઈ છે. જોકે છ દિવસમાં કેટલા રુપિયાનું કાળું નાણું બહાર આવ્યુ છે તેની હકીકતો હજુ બહાર આવી નથી. પરંતુ વસંત ગર્જસના સીએ દ્વારા આઈટી અધિકારીઓને તપાસમાં સહકાર આપ્યો નહીં હોવાના કારણે તેની સામે કાર્યવાહી કરવા માટે તજવીજ હાથ ધરી હોવાની વિગતો જાણવા મળી છે. વસંત ગજેરા અને તેની સાથે સંકળાયેલાઓએ ડાયમંડ રીઅલ એસ્ટેટ તથા શૈલિક સંકુલ સહિતના અનેક વેપારમાં રોકાણ કર્યું છે. તેમજ ડાયમંડની ખરીદી માટે હવાલાથી નાણાં વિદેશ મોકલ્યા હોવાની આશંકાના આધારે પણ તપાસ શરુ કરવામાં આવી હતી. તેમાં કેટલાક શંકાસ્પદ વ્યવહારો મળી આવ્યા છે. સાથે સાથે જમીનને લગતા પણ કરોડો રુપિયાના દસ્તાવેજ કબ્જે કરીને હાલ તો તપાસનો દોર લંબાવવામાં આવ્યો છે. જોકે વસંત ગજેરાના તમામ સ્થળો પર આઈટીની તપાસ પુરી કરી દેવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં જપ્ત કરાયેલા દસ્તાવેજના આધારે કેટલા રુપિયાની ટેક્સ ચોરી કરવામાં આવી છે તેની તપાસ કરવામાં આવનાર છે.

# સોના-ચાંદીમાં મોટી ઉથલપાથલના કારણે ગ્રાહકો પરેશાન

## બજારમાંથી ખરીદો તો મોંઘુ અને વેચો તો સસ્તું

**મુખ્ય સમાચાર, મુંબઇ**

ભાવ વધારાના નવા રેકોર્ડ ચાલુ છે.સોના અને ચાંદીમાં બે દિવસનો ઘટાડા બાદ, બજેટ પછી સોમવારે વધુ તેજી આવી. સોનું તેના સર્વોચ્ચ સ્તરથી ૨૪% અને ચાંદી ૪૬% ઘટીને ૨,૨૭,૦૦૦ રૂપિયા થઈ ગઈ, જ્યારે સોનું ૮,૦૦૦ રૂપિયા ઘટીને ૧,૩૫,૩૦૦ રૂપિયાની આસપાસ પહોંચી ગયું.

એક્સચેન્જે સોના અને ચાંદી પર લોઅર સર્કિટ લગાવી. રોકાણકારો મૂંઝવણમાં હતા કે આ ઘટાડો ક્યાં અટકશે. આક્રમક નફા-બુકિંગ, વૈશ્વિક બજારમાં ઉથલપાથલ અને ઊંચી અસ્થિરતાને કારણે ઝવેરાત બજારનું વાતાવરણ બદલાઈ ગયું, જે છેલ્લા ઘણા દિવસોથી વધુ ગરમ થઈ ગયું હતું. ચાંદીના વિક્રેતાઓ મોટી સંખ્યામાં જોવા મળ્યા.



પ્રીમિયમ પર વેચાતી ચાંદી તેના વાસ્તવિક ભાવ કરતા ૫-૬% ઓછી કિંમતે પણ વેચાતી જોવા મળી.

વેપારીઓ ઓછા ભાવે ખરીદી કરવા તૈયાર જોવા મળ્યા. જ્યારે બુલિયન વેપારીઓ અને ચાંદીના વેપારીઓને પૂછવામાં આવ્યું કે શું તેઓ આજના ભાવે ચાંદીના બાર અને સોનાના સિક્કા ખરીદશે, ત્યારે કેટલાકે કહ્યું કે સવારે ચાંદી ૨,૪૩૯૯૧ રૂપિયા પ્રતિ કિલોના ભાવથી ઘણા ઓછા ભાવે ખરીદવા સંમત થયા.

ઘણા વેપારીઓએ કહ્યું કે લોકો સવારથી જ ચાંદી લાવી રહ્યા છે, પરંતુ ચાંદીનો ભાવ એટલો અસ્થિર છે કે તેઓ ખરીદી રહ્યા નથી. જો તેઓ ખરીદી કરે છે, તો તે રૂ. ૨૩૦,૦૦૦ ના ભાવે હશે. કેટલાકે પ્રતિ ચાંદી રૂ. ૨૨૦,૦૦૦ કિલો ભાવ લગાવવામા આવ્યા હતા.

કેટલાક લોકોએ તો સાચો ભાવ દર્શાવ્યો હતો અને ચેક દ્વારા રૂ.૨૪૦,૦૦૦ ચૂકવવા સંમત થયા હતા. દરમિયાન, વેપારીઓ ચાલી રહેલ રેટ થી વધુ કિંમત રૂ.૨૫૦,૦૦૦ રૂપિયા પર વેચવાની વાત કરી રહ્યા છે. આજ સ્થિતિ સોનાના વેચાણમાં પણ છે. સવારે ૯:૯૯ સોનાનો ભાવ પ્રતિ દસ ગ્રામ રૂ.૧૪૬,૫૩૮ હતો, પરંતુ તેને વેચનારાઓને રૂ.૧૪૩,૦૦૦ ઓફર કરવામાં આવી રહ્યા હતા, અને કેટલાક કિસ્સાઓમાં તેનાથી પણ ઓછા. જોકે, જો તમે ખરીદવા માંગતા હો, તો તમને કહેવામાં આવ્યું હતું કે કિંમત રૂ.૧૫૭,૫૯૦ હશે.

# ભારત પર ૫૦ ટકા નહીં ૧૮ ટકા ટેરિફ લદાશેઃ ટ્રમ્પની જાહેરાત

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પરના ટેરિફમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે સોમવારે રાત્રે આ જાહેરાત કરી. ટ્રમ્પે જણાવ્યું હતું કે ભારત પરનો ૨૫% ટેરિફ ઘટાડીને ૧૮% કરવામાં આવશે. જોકે, તે સમયે તે પુષ્ટિ થઈ ન હતી કે ભારત પર વધારાના ૨૫% ટેરિફ અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો છે કે નહીં.

હવે, વ્હાઈટ હાઉસના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપી છે કે અમેરિકા આ વધારાના ટેરિફને પણ દૂર કરશે. સમાચાર એજન્સી એએનઆઇ અનુસાર, વ્હાઈટ હાઉસના એક અધિકારીએ જણાવ્યું હતું કે ભારતે રશિયન તેલની ખરીદી ઘટાડી હોવાથી અમેરિકા ભારતીય આયાત પરનો વધારાનો ૨૫% ટેરિફ પણ દૂર કરશે.



અધિકારીએ એમ પણ કહ્યું હતું કે કરાર હેઠળ, ભારત ફક્ત રશિયન તેલની ખરીદી ઘટાડશે નહીં, પરંતુ સંપૂર્ણપણે બંધ થઈ જશે. ટ્રમ્પે ટ્રુથસોશિયલ પર ટેરિફ ઘટાડા અને ભારત સાથેના કથિત વેપાર કરાર વિશે માહિતી શેર કરી હતી.

ટ્રમ્પે લખ્યું, આજે સવારે ભારતના વડા પ્રધાન મોદી સાથે વાત કરવી સન્માનની વાત હતી. તેઓ મારા શ્રેષ્ઠ મિત્રોમાંના એક છે અને તેમના દેશના એક શક્તિશાળી અને આદરણીય નેતા છે. અમે વેપાર અને રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો અંત લાવવા સહિતના ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી. તેઓ રશિયન તેલ ખરીદવાનું બંધ કરવા અને યુનાઈટેડ સ્ટેટ્સ અને વેનેઝુએલા પાસેથી નોંધપાત્ર રીતે વધુ ખરીદવા સંમત થયા. ટ્રમ્પની જાહેરાત પછી, પીએમ મોદીએ ટેરિફ ઘટાડા વિશે પણ પોસ્ટ કરી. પીએમએ લખ્યું, આજે મારા પ્રિય મિત્ર, રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરીને ખૂબ આનંદ થયો. ખુશી છે કે મેડ ઇન ઇન્ડિયા ઉત્પાદનો પરના ટેરિફમાં હવે ૧૮% ઘટાડો થશે. ભારતના ૧.૪ અબજ લોકો વતી, આ અદ્ભુત જાહેરાત માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પનો ખૂબ ખૂબ આભાર.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબી જીલ્લામાં ખેતરોમાં વીજલાઈનના મુદ્દે ખેડૂતોનો રોષ, ગુજરાત કિશાન સંઘર્ષ સમિતિની આગેવાનીમાં ૩૦૦ ટ્રેક્ટરની રેલી





## ટંકારાથી મોરબી કલેક્ટર કચેરી સુધી નીકળેલી ટ્રેક્ટર રેલી રાજપર ચોકડી પાસે અટકાવાઈ, કલેક્ટર સમક્ષ ઉગ્ર રજૂઆત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં ખેતરોમાંથી પસાર થતી વીજલાઈન અને યોગ્ય વળતરના પ્રશ્ને ખેડૂતો ગુજરાત કિશાન સંઘર્ષ સમિતિ અને કોંગ્રેસની આગેવાનીમાં ટંકારાથી મોરબી કલેક્ટર કચેરી સુધી ટ્રેક્ટર રેલી લઈને નીકળ્યા હતા. અંદાજે ૩૦૦થી વધુ ટ્રેક્ટરો જોડાયેલી આ વિશાળ રેલીને પોલીસે શહેરમાં ટ્રાફિક જામ થવાની શક્યતા દર્શાવી મોરબી શહેરની રાજપર ચોકડી પાસે જ અટકાવી દીધી હતી, જેને લઈને ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. બાદમાં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી સહિતના કોંગ્રેસના આગેવાનો અને કિશાન સંઘર્ષ સમિતિના ખેડૂત નેતાઓએ કલેક્ટર કચેરી પહોંચીને વીજલાઈનથી થતા નુકસાન, જમીનની કિંમતમાં ઘટાડો અને બજાર ભાવ મુજબ વળતર આપવા અંગે ઉગ્ર તથા તર્કબદ્ધ રજૂઆત કરી હતી.

મોરબી જીલ્લામાં ખેતરોમાંથી પસાર થતી હાઈટેન્શન વીજલાઈન અને તેના બદલામાં આપવામાં આવતા અપૂરતા વળતરના મુદ્દે ખેડૂતોનો આક્રોશ ફરી એકવાર સપાટી પર આવ્યો છે. ત્યારે ખેડૂતો ગુજરાત કિશન સંઘર્ષ સમિતિ અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળ ટંકારાથી મોરબી કલેક્ટર કચેરી સુધી ટ્રેક્ટર રેલી લઈને નીકળ્યા હતા. આ રેલીમાં અંદાજે ૩૦૦ જેટલા ટ્રેક્ટરો જોડાયા હતા. જ્યારે રેલી મોરબી શહેરની રાજપર ચોકડી નજીક પહોંચી ત્યારે પોલીસે શહેરમાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય તેવો હવાલો આપી તમામ ટ્રેક્ટરોને અંદર પ્રવેશ કરતા અટકાવી દીધા હતા. એકપણ ટ્રેક્ટરને શહેરમાં પ્રવેશ આપવામાં ન આવતા તમામ ટ્રેક્ટરો રાજપર ચોકડી પાસે જ રોકી રાખવામાં આવ્યા હતા. પોલીસના આ વલણને કારણે ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો હતો.

ટ્રેક્ટરોને અટકાવ્યા બાદ પણ કિશાન સંઘર્ષ સમિતિના ખેડૂત નેતાઓ અને કોંગ્રેસના અગ્રણીઓએ મક્કમતા દાખવી હતી. ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી, ખેડૂત નેતા પાલભાઈ આંબલિયા, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોર ચિખલિયા, મહેશ રાજકોટિયા, જયેશભાઈ પટેલ, લાલજી દેસાઈ સહિતના આગેવાનો ખેડૂતો સાથે ખાનગી વાહનો મારફતે મોરબી કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. કલેક્ટર કચેરી ખાતે નેતાઓ અને ખેડૂત પ્રતિનિધિમંડળે વીજલાઈનના કારણે ખેડૂતોને થતા નુકસાન, જમીનની કિંમતમાં ઘટાડો અને કંપનીઓ દ્વારા આપવામાં આવતાં અપૂરતા વળતર અંગે ઉગ્ર અને તર્કબદ્ધ રજૂઆત કરી હતી. નેતાઓએ જણાવ્યું હતું કે નવી મુજબ અથવા બજાર ભાવ પ્રમાણે ખેડૂતોને યોગ્ય વળતર મળવું જોઈએ. નવસારી જીલ્લાના ઉદાહરણનો ઉલ્લેખ કરતા પાલભાઈ આંબલિયાએ બજાર ભાવના ચાર ગણા વળતરનો હુકમ થયાનો દાવો કર્યો હતો.

ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ ખાનગી કંપનીઓ પર દાદાગીરીનો આક્ષેપ કરતા કહ્યું હતું કે કંપનીના માણસો ખેડૂતોને ધમકાવે છે અને પોલીસ રક્ષણ સાથે ખેતરોમાં પ્રવેશે છે, જે અન્યાયપૂર્ણ છે. તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે "તમે ખેડૂતોના પક્ષે સ્ટેન્ડ લો, કંપનીઓ દેશના બોસ નથી." કોંગ્રેસ આગેવાન લાલજી દેસાઈએ ચેતવણી આપી હતી કે જો વળતર અને વીજલાઈનના પ્રશ્ને ઉકેલ નહીં આવે તો મોરબી કલેક્ટર કચેરી સામે ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવશે. જ્યારે પાલભાઈ આંબલિયાએ જણાવ્યું હતું કે જો જરૂર પડશે તો ગાંધીનગર વિધાનસભાનો ઘેરાવો કરવાની પણ તૈયારી છે અને "અમારી લડત હવે આરપારની છે."

ખેડૂત પ્રતિનિધિમંડળની રજૂઆતો સાંભળ્યા બાદ જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીએ જણાવ્યું હતું કે ખેડૂતોની માંગણીઓ અંગેનું આવેદનપત્ર સ્વીકારવામાં આવ્યું છે. વળતરના દર અને કંપનીઓની કાર્યપદ્ધતિ અંગે રાજ્ય સરકારના ઊર્જા વિભાગને વિગતવાર અહેવાલ મોકલવામાં આવશે. તેમજ ખેડૂતો અને વીજ કંપનીઓ વચ્ચેના વિવાદ ઉકેલવા માટે વહીવટી તંત્ર મધ્યસ્થી ભૂમિકા ભજવશે તેવી ખાતરી પણ તેમણે આપી હતી.

# મોરબીના નવા સાદુળકા ગામે વાડીની ઓરડીમાં ખેત મજૂરે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના નવા સાદુળકા ગામે વાડીની ઓરડીમાં રહેતા મધ્યપ્રદેશના ખેત શ્રમિકે કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે અ.મોત નોંધ કરી તપાસ શરૂ કરી છે. મોરબી તાલુકાના નવા સાદુળકા ગામ હરીપર-કેરાળા માર્ગ પર શિવલાલ મગનભાઈની વાડીમા રહેતા ખેત શ્રમિક પતલીયા ગમલા રાઠ્વા ઉવ.૪૩ મૂળરહે. અહમરાબેરી ગામ જીલ્લો અલીરાજપુર (મધ્યપ્રદેશ) વાળાએ ગઈકાલ તા.૨/૨ના રોજ ઉપરોક્ત વાડીની ઓરડીમાં કોઈપણ કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતા દિલીપભાઈ જશાભાઈ પાંચોટીયા મૃતદેહને સરકારી હોસ્પિટલ મોરબી ખાતે લાવતા તાલુકા પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોત રજીસ્ટર કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

**આવતીકાલે સવારે ૯:૩૦ કલાકે મ્યુ. કમિશનર રાજકોટ મનપાનું નવા વર્ષનું બજેટ સ્ટે. કમિટી સમક્ષ રજૂ કરશે**

# મોરબીમાં ફેસબુકની ડમી આઈડીથી યુવકને ગાળો આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કર્યાનો આક્ષેપ, ફરિયાદ નોંધાઈ

## પૂર્વ આમ આદમી પાર્ટીના જીલ્લા ઉપપ્રમુખ ઉપર ફેક ફેસબુક આઈડી બનાવી જાતિવાદી ટિપ્પણીઓ કરવા અંગે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

મોરબીમાં ફેસબુક પર ફેક આઈડી બનાવી આમ આદમી પાર્ટીના સક્રિય કાર્યકર યુવક તથા તેની જ્ઞાતિ અંગે અપમાનજનક અને અભદ્ર ટિપ્પણીઓ કર્યાનો ગંભીર મામલો સામે આવ્યો છે. જેમાં આમ આદમી પાર્ટીના જ પૂર્વ જીલ્લા ઉપપ્રમુખ વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવતા સીટી એ ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ આઈટી એક્ટ તથા એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી શહેરમાં સોશિયલ મીડિયાના દુરુપયોગનો એક ગંભીર અને ચર્ચાસ્પદ બનાવ સામે આવ્યો છે. જેમાં વણકરવાસ જેલ રોડ વિસ્તારમાં રહેતા અને આમ આદમી પાર્ટીના સક્રિય કાર્યકર ભગવાનજીભાઈ બાબુભાઈ સાવરીયા ઉવ.૩૦ એ આરોપી ચંદ્રકાંતભાઈ માવજીભાઈ વિરમગામા રહે. અવની ચોકડી ૧૦૧-શિવપેલેસ એપાર્ટમેન્ટ મોરબી વાળા વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદ મુજબ, ગત તા. ૨૫/૦૧/૨૦૨૬ના વહેલી સવારના ફરિયાદી ભગવનજીભાઈના મિત્ર કિશનભાઈ રમેશભાઈ જોટંગીયાની ફેસબુક આઈડી પર "Gopal patel" નામની ફેસબુક આઈડી પરથી તેમના તેમજ તેમની જ્ઞાતિ અંગે ગાળો અને અપમાનજનક, જાતિવાદી ટિપ્પણીઓ પોસ્ટ કરવામાં આવી હતી. બાદમાં આ આઈડીની તપાસ કરતાં જાણવા મળ્યું કે "Gopal patel" નામની આ ફેસબુક આઈડી ફેક હોવાનું અને તેનો ઉપયોગ ઉપરોક્ત આરોપી ચંદ્રકાંત માવજીભાઈ વિરમગામા (પૂર્વ આમ આદમી પાર્ટી જીલ્લા ઉપપ્રમુખ) દ્વારા કરતા હોય. આરોપીએ જાણી જોઈને સોશિયલ મીડિયા મારફતે જાહેરમાં ફરિયાદીને તથા તેમની જ્ઞાતિને અપમાનિત કરેલ છે. વધુમાં ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપીએ ઉપરોક્ત ડમી ફેસબુક આઈડી મારફત અન્ય આમ આદમી પાર્ટીના કાર્યકરો અને પદાધિકારીઓને પણ અભદ્ર ભાષામાં ગાળો આપી અપમાનિત કરવામાં આવ્યા છે. ત્યારે સમગ્ર મામલે એ ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ વિવિધ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા જામનગર જિલ્લાની ૬૬ ગ્રામ પંચાયતોના નવીન ભવનનું ખાતમુહૂર્ત કરાયું

## લાલપુર અને જોડીયામાં રૂ. ૧૦૭૦ લાખના વિકાસ કામોનું આયોજન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે આણંદ જિલ્લાના ભાદરણ મુકામેથી સમગ્ર રાજ્યમાં કુલ-૨૬૬૬ નવીન ગ્રામ પંચાયત ભવનોના ઈ-ખાતમુહૂર્ત તથા ૧૧૪ ગામોમાં મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ રાજ્યકક્ષાના કાર્યક્રમ સાથે જામનગર જિલ્લાનું જિલ્લા કક્ષાનું આયોજન હર્ષદપુર મુકામે ટુ-વે કનેક્ટિવિટીના માધ્યમથી યોજાયું હતું. જે અંતર્ગત જામનગર જિલ્લાની કુલ ૬૬ ગ્રામ પંચાયત ભવનોનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. આ ઉપરાંત વર્ષ ૨૦૨૫-૨૬માં મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના હેઠળ ૧૦,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતી અને નગરપાલિકામાં ન ભળેલ હોય તેવી ગ્રામ પંચાયતોમાં શહેર જેવી સુવિધાઓ વિકસાવવાના ભાગરૂપે, જામનગર જિલ્લાની લાલપુર અને જોડીયા ગ્રામ પંચાયતના કુલ રૂ. ૧૦૭૦ લાખના વિકાસલક્ષી કામો મંજૂરી અર્થે સરકારમાં મોકલવામાં આવ્યા છે.હર્ષદપુર ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસર, જામનગર ગ્રામ્યના ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારી વી.આર.માંકડીયા, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ હસમુખભાઈ કણજારીયા, જિલ્લા ભાજપ અધ્યક્ષ ડો. વિનોદ ભંડેરી, પૂર્વ અધ્યક્ષ રમેશભાઈ, બાંધકામ સમિતિના ચેરમેન પ્રવિણાબેન ચભાડીયા, જિલ્લા પંચાયત સભ્ય જગદીશભાઈ સાંગાણી, માર્કેટિંગ યાર્ડના ચેરમેન મુકુંદભાઈ સભાયા અને મહામંત્રી દિલીપભાઈ ભોજાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત ઉપપ્રમુખ નાથાભાઈ વાસકીયા, રામજીભાઈ પરમાર, જિલ્લા ભાજપ મંત્રી કુમારપાલસિંહ રાણા, ભાનુબેન જેપાલ, ભનુભાઈ ચૌહાણ, કાનજીભાઈ પરમાર, ગીરીરાજસિંહ જાડેજા, શૈલેષ સાવલિયા, હર્ષદપુરના સરપંચ મુકેશભાઈ તથા માર્કેટિંગ યાર્ડના ડાયરેક્ટર જમનભાઈ ભંડેરી સહિતના મહાનુભાવોની હાજરીમાં આ વિકાસ કાર્યોનો પ્રારંભ થયો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે ગામડું એ ભારતનો આત્મા છે અને પંચાયત ઘર જેવી પાયાની સુવિધાઓથી ગ્રામીણ વિકાસ વધુ સુદ્રઢ બનશે. હર્ષદપુર સિવાય અન્ય તાલુકા મથકો પર પણ ૬૫ જેટલા ગ્રામ પંચાયત ઘરોનું ખાતમુહૂર્ત કરીને ગ્રામ્ય ઉત્થાનની આ પહેલને વેગ આપવામાં આવ્યો હતો.

# હડિયાણામાં મકાનમાંથી મળી આવી ઈંગ્લીશ દારૂની ૧૯૨ બોટલ બે શખ્સની અટકાયત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જોડિયાના હડિયાણા ગામમાં એક ખેતર સ્થિત મકાનમાં ગઈરાત્રે એલસીબીએ પૂર્વ બાતમીના આધારે દરોડો પાડતા ઈંગ્લીશ દારૂની ૧૯૨ બોટલ મોટરમાંથી ઉતારી રહેલા બે શખ્સ ઝડપાઈ ગયા હતા. દારૂ, મોટર, મોબાઈલ મળી કુલ રૂા.૮,૬૪,૭૦૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. મોરબીના સપ્લાયરનું નામ ઓકાવાયું છે.જામનગર-જોડિયા ધોરીમાર્ગ પર આવેલા હડિયાણા ગામમાં એક મકાનમાં મોટરમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ઉતારવામાં આવી રહ્યો હોવાની બાતમી એલસીબીના અરજણભાઈ, ધર્મેન્દ્રસિંહ, ભરત ડાંગર, મયુદ્દીનને મળતા પીઆઈ વી. એમ. લગારીયાની સૂચનાથી ગઈરાત્રે સાડા બારેક વાગ્યે એલસીબીના સ્ટાફે હડિયાણા ગામના ધાર વિસ્તારમાં દરોડો પાડ્યો હતો.

આ સ્થળે બિપીન વસ્તાભાઈ વકાતરના આવેલા ખેતર સ્થિત મકાનમાં ચકાસણી કરવામાં આવતા ત્યાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની ૧૯૨ બોટલ મળી આવી હતી. દારૂનો જથ્થો, બે મોબાઈલ, રૂા.૬ લાખની મોટર મળી એલસીબીએ રૂા.૮,૬૪, ૭૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે અને બિપીન વસ્તાભાઈ વકાતર તથા જેઠાભાઈ કરમશીભાઈ જુથરની અટકાયત કરી છે. આ શખ્સોએ મોરબીના ભીમશી પાસેથી દારૂનો જથ્થો મેળવ્યો હોવાની કબૂલાત આપી છે.

# જામનગરના ઉદ્યોગકારે લહેર તળાવમાં ઝંપલાવી દઈ આત્મહત્યા કરી લેતાં ભારે ચકચાર



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં શરૂ સેક્શન રોડ પર અભિલાષા એપાર્ટમેન્ટમાં રહેતા અને દરેડ જીઆઈડીસી ઉદ્યોગ નગર વિસ્તારમાં કારખાનું ધરાવતા ભરતભાઈ નાથાલાલભાઈ શાહ નામના ૬૩ વર્ષના અગ્રણી ઉદ્યોગપતિએ લહેર તળાવમાં જંપલાવી રહસ્યમય સંજોગોમાં આત્મહત્યા કરી લેતાં ભારે ચકચાર જાગી છે, અને પરિવારમાં ગમગીની ફેલાઈ છે.

ભરતભાઈ શાહ અરસામાં પોતાનું ઈલેક્ટ્રીક બાઈક લઈને ઘેરથી નીકળ્યા હતા, ત્યારબાદ તેઓ લહેર તળાવ પાસે પહોંચ્યા હતા, જ્યાં પાણીમાં ઝંપલાવી દીધું હતું.પરિવારજનો તેની શોધખોળ કરી રહ્યા હતા, અને તેના વાહનમાં જીપીએસ લગાવેલું હોવાથી પરિવારજનો શોધતા શોધતા લહેર તળાવ સુધી પહોંચ્યા હતા. ત્યારબાદ ફાયર બ્રિગેડની મદદ લઈને.ભરતભાઈના મૃતદેહને પાણીમાંથી બહાર કઢાવ્યો હતો. આ બનાવની જાણ થતાં પંચકોશી બી. ડિવિઝનના પી.આઈ. વી.એ. રાઠોડ અને તેઓની ટીમેં પણ બનાવના સ્થળે દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને સમગ્ર બનાવ મામલે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

# મોરબી મનપા દ્વારા ઠંડીમાં ઘરવિહોણા લોકોને આશ્રયસ્થાન પૂરું પાડ્યુ





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા શહેરમાં ઘરવિહોણા લોકોના રક્ષણ માટે નાઈટ-ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ દરમિયાન ઠંડીમાં ફૂટપાથ પર રહેતા ૩૬ ઘરવિહોણા લોકોને તેમના પરિવાર સાથે આશ્રયગૃહમાં સ્થળાંતર કરી રહેવા, જમવા સહિતની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. મોરબી શહેરમાં કડકડતી ઠંડીમાં ઘરવિહોણા અને નિરાધાર લોકોના આરોગ્ય પર વિપરીત અસર ન થાય તે હેતુથી મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા મહત્વપૂર્ણ અને માનવતાભરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શહેરી ઘરવિહોણા લોકો માટે આશ્રય સુવિધા ઉપલબ્ધ કરાવવા નાઈટ-ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. મહારાણીશ્રી નંદકુંવરબા આશ્રયગૃહ ખાતે ઘરવિહોણા લોકોને નિઃશુલ્ક રહેવા, જમવા તેમજ અન્ય પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવે છે. આ આશ્રયગૃહનું સંચાલન મોરબી મહાનગરપાલિકા દ્વારા નિમણુક થયેલ શ્રી સિદ્ધી ખાદી ગ્રામ ઉદ્યોગ કેળવણી સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ગત તા.૦૨/૦૨ના રોજ રાત્રિના સમયે કમિશ્નર અને નાયબ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ યુ.સી.ડી. શાખા તથા સંસ્થાના સ્ટાફ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ફૂટપાથ પર રહેતા ઘરવિહોણા લોકોની સ્થળ પર મુલાકાત લેવામાં આવી હતી. બાદ કાઉન્સેલિંગ દ્વારા તેમને આશ્રયગૃહનો લાભ લેવા પ્રેરિત કરી સુરક્ષિત રીતે આશ્રયગૃહ ખાતે સ્થળાંતર કરવામાં આવ્યા હતા.

આ નાઈટ-ડ્રાઈવ અંતર્ગત કુલ ૩૬ ઘરવિહોણા લોકોને તેમના પરિવાર સાથે આશ્રયગૃહમાં પહોંચાડવામાં આવ્યા હતા. મોરબી મહાનગરપાલિકા દ્વારા વધુને વધુ ઘરવિહોણા લોકો આ આશ્રયગૃહનો લાભ લે તે માટે કમિશ્નરે જાહેર અનુરોધ પણ કર્યો છે.

# રહેણાંક મકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો: એક શખ્સની ધરપકડ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના કામદાર કોલોની વિસ્તારમાં આવેલા એક મકાનમાં સવા મહિના પહેલાં ચોરી થઈ હતી. તેની તપાસમાં એલસીબીએ મૂળ ભાવનગર જિલ્લાના વતની અને હાલમાં જામનગરમાં રહેતા દેવીપૂજક શખ્સની અટકાયત કરી પૂછપરછ કરતા ચોરીનો ભેદ ઉકેલાયો છે. ચોરાઉ સોના-ચાંદીના દાગીના, રોકડ ઉપરાંત એક મોપેડ તથા હથોડી કબજે કરવામાં આવ્યા છે.જામનગરના કામદાર કોલોની વિસ્તારની શેરી નં.૩માં રહેતા હીરેનભાઈ કૌશિકભાઈ સોની નામના વિપ્ર આસામીના મકાનમાં ગઈ તા.૨૫ ડિસેમ્બરની સવારથી તા.૨૯ સુધીમાં ઘરફોડ ચોરી થઈ હતી. જેમાં સોના-ચાંદીના દાગીના તથા કબાટમાંથી રૂા.૧૦ હજાર રોકડા ચોરાઈ ગયા હતા. આ બાબતની બહારથી પરત આવેલા હીરેનભાઈને જાણ થતાં તેઓએ સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરાવ્યો હતો.

આ બનાવની તપાસમાં સિટી સી ડિવિઝન પોલીસ સાથે એલસીબીની ટીમ પણ જોડાઈ હતી. જેમાં સ્ટાફના ઘનશ્યામ ડેરવાડીયા, મયુદ્દીન, ભરત ડાંગર, કિશોર પરમારને મળેલી બાતમીના આધારે ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના વડલી ગામના વતની અને હાલમાં જામનગરમાં સાત રસ્તા પાસે સંતોષી માતાના મંદિર નજીક રહેતા સુનિલ ઉર્ફે ખાનભાઈ રાજુ કરશનભાઈ પરમાર નામના દેવીપૂજક શખ્સની દિગ્જામ સર્કલ નજીક ઓવર બ્રિજ નીચેથી જીજે-૧૦-ડીપી ૭૭૧ નંબરના મોપેડ સાથે અટકાયત કરાઈ હતી.આ શખ્સની પૂછપરછ કરાતા તેણે ઉપરોક્ત ચોરીની કબૂલાત આપી રૂા.૧,૮૯,૦૦૦ના સોનાના દાગીના, રૂા.૫ હજારના ચાંદીના દાગીના, રૂા.૧૦ હજાર રોકડા કાઢી આપ્યા છે. એલસીબીએ રૂા.૫૦ હજારનું વાહન અને એક હથોડી પણ કબજે કરી છે. આ શખ્સ બંધ મકાનના તાળા તોડીને ચોરી કરવાની આદત ધરાવે છે. આ શખ્સનો કબજો સિટી સી ડિવિઝન પોલીસને સોંપવાની તજવીજ કરાઈ છે.

# મોરબીના એડવોકેટ મિતેષ દવેએ પદ્મશ્રી હાજી મીર કાસમ (હાજી રમકડું)ની મુલાકાત લઈ સન્માન કર્યું



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પદ્મશ્રી ૨૦૨૬ માટે નોમિનેટ જાહેર થયેલ હાજી મીર કાસમ (હાજી રમકડું)ની મોરબી જીલ્લાના એડવોકેટ, સાહિત્યકાર અને કલાકાર મિત્રોએ જૂનાગઢ ખાતે મુલાકાત લઈ સન્માન અભિવાદન કર્યું હતું. આ દરમિયાન મોરબી ખાતે ભવ્ય સન્માન કાર્યક્રમ યોજવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

હાજી મીર કાસમ (હાજી રમકડું)નું નામ પદ્મશ્રી ૨૦૨૬ માટે નોમિનેશન યાદીમાં જાહેર થતાં સમગ્ર ગુજરાતમાં આનંદની લાગણી ફેલાઈ છે. આ સંદર્ભે મોરબી જીલ્લાના એડવોકેટ તથા સંસ્કારભારતીના કલા ધરોહર સંયોજક મિતેષ દિલીપકુમાર દવે, એડવોકેટ દર્શનભાઈ દવે, યુવા લેખક પરમભાઈ જોલાપરા તથા તેમના સાથી મિત્રોએ જૂનાગઢ ખાતે જઈ પદ્મશ્રી નોમિનેટ હાજી મીર કાસમ લોકપ્રિય રીતે જાણીતા હાજી રમકડુંની શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન સૌએ હાજીબાપાનું શાલ, ફૂલહાર વગેરે દ્વારા સન્માન અભિવાદન કર્યું હતું. ત્યારબાદ હાજીબાપા સાથે એક કલાકથી વધુ સમય સુધી તેમની જીવનયાત્રા, સંઘર્ષ, કલા સાથે જોડાયેલી યાદો અને અનુભવો અંગે આત્મીય વાતચીત કરી હતી. આ સાથે ટૂંક સમયમાં મોરબી ખાતે હાજી મીર કાસમના સન્માન માટે ભવ્ય અભિવાદન કાર્યક્રમ યોજવા અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

# જામનગર જિલ્લામાં રવિ માર્કેટીંગ સીઝન અંતર્ગત ઘઉંની ટેકાના ભાવે ખરીદી માટે ૧લી માર્ચ સુધી નોંધણી કરાવી શકાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

રાજ્યના ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ભારત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે ઘઉંનો લઘુત્તમ ટેકાનો ભાવ રૂ. ૨,૫૮૫/- પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવ્યો છે. આ અંતર્ગત ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ મારફતે ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરવામાં આવશે. લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંનું વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોએ સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે તારીખ ૦૧/૦૩/૨૦૨૬ સુધી ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે. નોંધણી થયેલ ખેડૂતો પાસેથી ઘઉંની ખરીદી આગામી તા. ૦૪/૦૩/૨૦૨૬ થી ૧૫/૦૫/૨૦૨૬ દરમિયાન કરવામાં આવશે.નાયબ જિલ્લા મેનેજર, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.ની યાદીમાં જણાવ્યા અનુસાર, ખેડૂત ખાતેદારોએ બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા જ નોંધણી કરાવવાની રહેશે. નોંધણી માટે આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭/૧૨ અને ૮/અ તથા જો પાકની વાવણી અંગેની એન્ટ્રી ઉતારામાં ન હોય તો તલાટીના સહી-સિક્કા વાળો દાખલો રજૂ કરવાનો રહેશે. આ ઉપરાંત ખેડૂતના નામના બેંક ખાતાની વિગત માટે પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક સાથે લાવવાનો રહેશે. ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરનાર ખેડૂતોની નોંધણી રદ કરવામાં આવશે અને તેમને ખરીદી માટે જાણ કરવામાં આવશે નહીં.ટેકાના ભાવે ખરીદી માટે રજિસ્ટ્રેશન કરાવનાર ખેડૂતોને SMS મારફતે ખરીદીના સમય અને સ્થળની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધાર કાર્ડ કે ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે અને બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન બાદ જ જથ્થાની ખરીદી કરવામાં આવશે. નોંધણી બાબતે કોઈ પણ મુશ્કેલી જણાય તો ખેડૂતો નિગમના હેલ્પલાઇન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ અથવા ૮૫૧૧૧૭૧૭૧૯ પર સંપર્ક કરી શકે છે તેમ સત્તાવાર યાદીમાં વધુમાં જણાવાયું છે.

# હળવદના રણમલપુરમાં ખેડૂતે ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન મોત

હળવદ તાલુકાના રણમલપુર ગામે રહેતા ખેડૂતે હાથ ઉછીના લીધેલા રૂપિયા બાબતે પત્નીએ આપેલ ઠપકાનું મનમાં લાગી આવતા, ખેડૂતે ઝેરી દવા પી લીધી હતી. ત્યારે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ હળવદ પોલીસે અ. મોતની નોંધ કરી છે. હળવદના રણમલપુર ગામે રહેતા દિલીપભાઈ હરજીભાઈ વરમોરા ઉવ.૫૨એ પોતે દોઢ લાખ રૂપીયા હાથ ઉછીના લીધેલ હોય જેથી તેમના પત્નીએ તેમને કહેલ કે કેમ હાથ ઉછીના પૈસા લીધા ? અને કોને આપ્યા છે ? તેવુ કહેતા દિલીપભાઈને મનમાં લાગી આવતા ગઈ તા.૨૧/૦૧/૨૦૨૬ ના સાંજના છએક વાગ્યે પોતે પોતાની મેળે વાડીએ ઝેરી દવા પી લેતા પ્રથમ સારવાર ધ્રાગંધ્રા જીંદગી હોસ્પીટલ બાદ વધુ સારવારમાં સુરેન્દ્રનગર આત્મીય હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૧/૨૦૨૬ ના રોજ તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે હળવદ પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ શરૂ કરી છે.

# ટંકારાના જબલપુર ગામે કારખાનાના લેબર ક્વાર્ટર પાછળ યુવકે ફાંસો ખાઈ આપઘાત કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારાના જબલપુર ગામે વિઝન બીલટેક કારખાનાના લેબર ક્વાટરમાં રહેતા શ્રમિકને તેની પત્નીએ મોટર સાયકલ લેવાની ના પાડતા જે કારણોસર મનમાં લાગી આવતા ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બનાવ અંગે ટંકારા પોલીસે અ.મોતની એન્ટ્રી કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ટંકારા તાલુકાના જબલપુર ગામની સીમમાં વિઝન બીલટેક કારખાનાના લેબર ક્વાટરમાં રહેતા બદીયાભાઇ હુરજીભાઇ ભુરીયા ઉવ.૩૭ને નવું મોટરસાયકલ લેવું હતું પરંતુ આર્થિક સ્થિતિ નબળી હોવા ઉપરાંત પુત્રના લગ્ન બાકી હોવાથી પત્નીએ મોટરસાયકલ લેવાની ના પાડી હતી. આ બાબતે મનોમન લાગી આવતા બદીયાભાઈએ તા.૦૧/૦૨ ના રોજ રાત્રીના ઘરેથી બાથરૂમ જવાનું કહી બહાર નીકળ્યા બાદ લેબર ક્વાટર પાછળ આવેલા નગરપાલિકાના કચરા નાખવાના સેડમાં લોખંડની એંગલ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. બનાવની જાણ થતા પોલીસે અ.મોત દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# સરકારી પોલિટેકનિક ખાતે સ્ટુડન્ટ વેલનેસ સેલ ખુલ્લો મુકાયો



## સારથી પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન, સ્ટાફ માટે વિશેષ વાર્તાલાપ યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરકારી પોલિટેકનિક, રાજકોટના આઇ.સી.ટી. વિભાગ ખાતે વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સર્વાંગી સુખાકારી માટે પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે. જેના ભાગરૂપે સંસ્થા ખાતે નવનિર્મિત સ્ટુડન્ટ વેલનેસ સેલનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

વધુમાં ગત તા. ૩૦ અને ૩૧ જાન્યુઆરી - ૨૦૨૬ ના રોજ બે દિવસીય સારથી સ્ટુડન્ટ વેલનેસ અને કાઉન્સેલિંગ પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રથમ દિવસે મુખ્ય નિષ્ણાત અને તજજ્ઞ તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના મનોવિજ્ઞાન વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. ધારા દોશી અને તેમની ટીમે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. સાથોસાથ વિવિધ મનોવૈજ્ઞાનિક કસોટી અને પોસ્ટર દ્વારા તેમને મુંજાવતા પ્રશ્નોના નિરાકરણ કરવામાં મદદ કરી હતી.

બીજા દિવસે ડૉ. ધારા દોશીએ અત્રેની સંસ્થાના ફેકલ્ટી સાથે વિદ્યાર્થીઓના મનોવૈજ્ઞાનિક પ્રશ્નોની ઓળખ અને તેનું સંચાલન વિષય પર 'વન-ટુ-વન' ચર્ચા કરી હતી. જેમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને સુધારવા માટે શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સંસ્થાના આચાર્ય ડો. એ.એસ.પંડ્યાના નેતૃત્વમાં તેમજ ઈ.સી. આઈ.સી.ટી. વિભાગના ઇન્ચાર્જ એચ.ઓ.ડી. એચ.કે.પ્રજાપતિની આગેવાનીમાં કોર્ડીનેટર વ્યાખ્યાતા પી.એન.કરગટિયા, કો- કોર્ડીનેટર વ્યાખ્યાતા એ.આર.નગરીયા તથા વ્યાખ્યાતા એસ.એસ. પ્રજાપતિ દ્વારા આ બે દિવસીય કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પોલીટેકનિકના ઇન્ચાર્જ આચાર્ય આર.એલ.પટેલ દ્વારા વિદ્યાર્થીઓ તેમજ સંસ્થાના તમામ ફેકલ્ટી સ્ટાફને ભાગ લેવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

# ટી.બી. હારેગા, દેશ જીતેગા

# રાજકોટ જિલ્લા ગ્રામ્યમાં ક્ષયના ૧૪૮૭ દર્દીઓને એક વર્ષમાં રૂ. ૭૬ લાખ ૧૭ હજારની સહાય

## જિલ્લા ક્ષય કેન્દ્રની પહેલ સેવાભાવીઓના સહયોગથી સાત દિવસમાં ૨૨૨ દર્દીઓને ન્યુટ્રીશન કિટનું વિતરણઃ 'નિક્ષય મિત્ર' બનીને ક્ષય નાબૂદી અર્થે યોગદાન આપવા અનુરોધ



**આલેખનઃ માર્ગી મહેતા**
**મુખ્ય સમાચાર, રાજકોટ**

ક્ષય એ આરોગ્ય અને આર્થિક સ્થિતિ પર ઊંડી અસર કરતો પડકારરૂપ રોગ છે. આ પડકારને પહોંચી વળવા માટે ભારત સરકાર 'ટી.બી. હારેગા, દેશ જીતેગા'ના ધ્યેય સાથે મક્કમતાથી આગળ વધી રહી છે. ગુજરાત સરકાર દ્વારા ક્ષય નિર્મૂલન માટે આધુનિક સારવાર, સમયસર નિદાન અને દર્દીઓની વિશેષ દેખરેખ પર ભાર મૂકવામાં આવે છે. આરોગ્ય વિભાગ દ્વારા છેવાડાના માનવી સુધી ટી.બી. વિશે જાગૃતિ ફેલાવવા અને ક્ષયને સામાજિક કલંકને સ્થાને એક સાધ્ય રોગ તરીકે જોવામાં આવે, તેવા સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેથી, ટી.બી. મુક્ત ભારતના લક્ષ્યને હાંસલ કરી શકાય.

કેન્દ્ર સરકાર દ્વારા 'ક્ષયમુક્ત ભારત' અભિયાનને વેગ આપવા તથા આર્થિક સહાય કરવા 'નિક્ષય પોષણ યોજના' હેઠળ દર્દીઓને સારવાર દરમિયાન દર માસે રૂ. એક હજાર આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન રાજકોટ જિલ્લામાં ગ્રામીણ વિસ્તારના કુલ ૧૪૮૭ ક્ષયના દર્દીઓને કુલ રૂ. ૭૬ લાખ ૧૭ હજારની સહાય પૂરી પાડવામાં આવી છે. આર્થિક સહાય સીધી દર્દીઓના ખાતામાં જમા કરવામાં આવે છે. જેથી, તેઓ તેમની સારવાર દરમિયાન પોષણ અને દવાઓનો ખર્ચ ઉઠાવી શકે. સરકારની આર્થિક મદદ દર્દીઓને બીમારી સામે લડવાનું બળ આપે છે અને તેમની સાજા થવાની પ્રક્રિયાને ઝડપી બનાવે છે.

રાજકોટ જિલ્લા ક્ષય અધિકારી ઘનશ્યામભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટી.બી.ની સારવારમાં પોષણના મહત્ત્વને ધ્યાનમાં રાખીને 'નિક્ષય મિત્ર સપ્તાહ'ની પહેલ શરૂ કરવામાં આવી હતી. ગત તા. ૧૯થી ૨૭ જાન્યુઆરી દરમિયાન વિવિધ સંસ્થાઓ અને સેવાભાવી વ્યક્તિઓના સહયોગથી ૨૨૨ દર્દીઓને પોષણ કિટ આપવામાં આવી હતી. જેમાં નરેન્દ્રભાઈ શેઠ દ્વારા પડધરી સરકારી હોસ્પિટલ અને નારણકા પ્રાથમિક આરોગ્ય ખાતે ૪૫ દર્દીઓ, લાયન્સ ક્લબ ઓફ રાજકોટ પ્રાઈડ દ્વારા નંદનવન આરોગ્ય કેન્દ્ર ખાતે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ અને શાપર-વેરાવળ ખાતે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની ઉપસ્થિતિમાં ૬૨ દર્દીઓને ન્યુટ્રીશન કિટ આપવામાં આવી હતી.

આ ઉપરાંત, શક્તિમાન ગ્રુપે ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે ૩૦ દર્દીઓને તો, જેતપુર લાયન્સ ક્લબે જેતપુરની સરકારી હોસ્પિટલ ખાતે ૨૫ દર્દીઓને પોષણ કિટ આપી હતી, તેમજ રાજકોટ જિલ્લા આરોગ્ય કેન્દ્ર ખાતે રોટરી ક્લબ ઓફ રાજકોટ મિડટાઉન, મોનાબેન, શ્રી કોમલબેન ઠક્કર સહિતનાં દાતાઓએ આગળ આવીને ૬૦ દર્દીઓને પૌષ્ટિક આહારની કીટ પહોંચાડી, માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઉલ્લેખનીય છે કે, પોષણક્ષમ આહારની કિટમાં મગ, ચણા, સોયાબીન, રાજમા, મગ દાળ, ચણા દાળ, તુવેર દાળ, સીંગદાણા, ખજૂર, ગોળ, દાળીયા અને ચોખા સહિત ધાન્યનો સમાવેશ કરવામાં આવે છે.

આમ, 'ક્ષયમુક્ત ભારત' અભિયાન જનભાગીદારીનું ઉત્કૃષ્ટ પ્રતીક છે. જો સેવાભાવી લોકો ક્ષયના દર્દીઓના પોષણની નૈતિક જવાબદારી સ્વીકારે, તો આપણે ઝડપથી ક્ષયની બીમારીને નાબૂદ કરી શકીએ. સરકાર, સેવાભાવી સંસ્થાઓ અને જાગૃત નાગરિકોના સહયોગથી નરેન્દ્રભાઈ મોદીનું ટી.બી. મુક્ત ભારતનું સપનું સાકાર થઈ શકે છે. ત્યારે આવો, www.nikshay.in પર નોંધણી કરીને 'નિક્ષય મિત્ર' બનીએ અને દેશમાંથી ક્ષયને નાબૂદ કરવામાં યોગદાન આપીએ.

# ઈવનિંગ પોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

## આવતીકાલથી તા.૮ સુધી યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૪/૨/૨૬ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''સકતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૫/૨/૨૬ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''મેલોડી માસ્ટર ગૃપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૬/૨/૨૬ ને શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''રંગત રંગ ગૃપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૭/૨/૨૬ ને શનિવાર નાં રોજ ૫૩૦ કલાકે ''જલકલા મ્યુઝીકલ ગૃપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે અને

તા. ૮/૨/૨૬ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''તરાના મ્યુઝીકલ ગૃપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઇન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, જયપાલસિંહ ઝાલા ઈતુભાઈ સવાણી, ડો. સુધીરભાઈ શાહ, મયુરભાઈ કોટક, ડો. ભાવેષ જોસી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# વિઠ્ઠલવાવ ગૌશાળા પાસે કારમાંથી ૩૬૦ બોટલ દારૂ સાથે રેલનગરનો રવી ઝડપાયો

## સરધાર તરફથી ભરી રાજકોટમાં સપ્લાય થાય તે પહેલાં ખેપીયો ઝડપાયોઃ રૂ.૧.૪૯ લાખનો મુદામાલ જપ્તઃ સપ્લાયર અને રિસીવરની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિઠ્ઠલવાવ ગૌશાળા પાસે કારમાંથી ૩૬૦ બોટલ દારૂ સાથે રેલનગરના રવી નામના શખ્સને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી પાડી રૂ.૧.૪૯ લાખનો મુદામાલ જપ્ત કરી સપ્લાયર અને રિસીવરની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચ એએસઆઈ રણજીતસિંહ પઢારીયા, સંજયભાઈ દાફડા, વિજયરાજસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ તુલસીભાઈ ચુડાસમા સહિતનો સ્ટાફ આજીડેમથી આગળ ભાવનગરથી રાજકોટ તરફ હાઈવે રોડ ઉપર આવેલ વિઠ્ઠલવાવ ગૌશાળની પાસે પહોંચતા એક દારૂ ભરેલ કાર સરધારથી રાજકોટ તરફ આવે છે, તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફ વોચમાં હતો.ત્યાંથી પસાર થયેલ નંબર પ્લેટ વગરની રેનોલ્ટ કવીડ કારને અટકાવી તેમાં ડ્રાઈવર સીટમાં બેસેલ શખ્સનું નામ પુછતા પોતાનું નામ રવી પ્રવિણ રાઠોડ (ઉ.વ ૩૦), ( રહે. ઝાંસીકી રાણી ટાઉન શીપ વિંગ સી કવાર્ટર નં.૩૧ રેલનગર) હોવાનું જણાવેલ હતું. ગાડીમાં ચેક કરતા તેમાંથી બે નંબર પ્લેટની સાથે વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો જોવા મળતાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે તે શખ્સને અટકમાં લઈ દારૂની ૩૬૦ બોટલ રૂ.૭૬૭૦૦ અને કાર સહિત મળી કુલ રૂ.૧.૪૯ લાખનો મુદામાલ કબ્જે કરી પૂછતાછ હાથ ધરી હતી.

# ઉનામાં સમીર ગેસ એજન્સી પાસે યુવાનને ત્રણ શખ્સોએ બેલ્ટ વડે માર માર્યો

## ઉના પોલીસે આરોપીઓનું રી કન્ટ્રેશન કર્યું



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉનામાં ૮૦ ફૂટ ના રોડ પર બાઈક આડી રાખવા મામલે યુવાનને ત્રણ શખ્સોએ બેલ્ટ વડે આડેધડ માર મારી તેની કારના કાચ પણ તોડી નાખી નુકસાન કર્યું હતું. આ બનાવમાં પોલીસે ફરિયાદ નોંધી હતી.યુવાનની કારના કાચ પણ તોડી નાખ્યા, પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી પ્રાપ્ત માહિતી અનુસાર ઉના શહેરમાં બ્લડ બેંકની પાછળ, રહેતા રણજીતભાઈ પુનાભાઈ બાંભણીયા તેના મિત્ર મિહિરભાઈ પરમાર સાથે કારમાં એંસી ફૂટ નવા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ રોડ પર પાનની દુકાન સામે બાઈક વચ્ચે આડી ઉભી રાખેલ હોવાથી રણજીતભાઈએ બાઈક ચાલકને પૂછ્તાં સિગારેટ લેવા ઉભા છે એમ કહ્યું હતું.

આ સમયે અન્ય બે શખ્સો પણ આવી જઈ ગાળાગાળી કરવા લાગી રણજીતભાઈની કારના કાચ તોડી નાખ્યા હતા. તેમજ તેમને બેલ્ટ વડે આડેધડ બેરહેમીપૂર્વક માર મારી ઈજા પહોંચાડતા સારવારમાં ખસેડાયા હતા. આ બનાવમાં પોલીસે ત્રણેય શખ્સો સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

યુવાનને મારમર્યાની ઘટનામાં પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરી ઘટનાસ્થળે લઈ જઈ રિ-કન્સ્ટ્રક્શન કર્યું હતું. હાથ જોડી માફી મંગાવી હતી. યુવાનને મારમારવા મામલે પોલીસે આર્યન સલીમ સેલોત, સોહિલ સબીર જલાલી, સૂફીયાન સલીમ સહિત આરોપીને પકડી પાડી અને પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી

# રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ૪૯મા સ્થાપના દિવસની ઉજવણી મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ૨૦ આવાસોની ફાળવણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) દ્વારા તા. ૦૧ના રોજ સત્તામંડળના ૪૯મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ચેરમેન તુષાર સુમેરા તથા કલેકટરશ્રી ડૉ. ઓમ પ્રકાશના વરદ હસ્તે મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત પ્રકારના ખાલી રહેલ કુલ ૨૦ આવાસોની ડ્રો પદ્ધતિથી લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવી હતી. ઉપરાંત, આ કાર્યક્રમ દરમિયાન નિવૃત્ત થનાર કર્મચારીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ચેરમેન મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરા, કલેકટર ડો. ઓમ પ્રકાશ, રૂડાના સી.ઈ.ઓ. જી.વી. મિયાણી, નાયબ મ્યુનિસિપલ કમિશ્નર સમીર ધડુક, રાજકોટ મહાનગરપાલિકાના સિટી એન્જિનિયર કે.કે. મહેતા તેમજ રૂડા કચેરીના અધિકારીઓ અને કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# કોળી સમાજના સહદેવભાઈ ડાભીની યુવા ભાજપ પ્રમુખ તરીકે વરણી થતા નવાગામ ઘેડ સમાજ દ્વારા સ્વાગત કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નવાગામ ઘેડ કોળી સમાજ દ્વારા યુવા ભાજપ પ્રમુખ સહદેવભાઈ ડાભીની વરણી તથા સમાજના આગેવાનો દ્વારા ફટાકડા ફોળી અને વધામણા કરવામાં આવેલ ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના આદેશ મુજબ જામનગર મહાનગર અધ્યક્ષ બીનાબેન કોઠારી દ્વારા જામનગર જીલ્લા માં સૌપ્રથમ વખત કોળી સમાજને સંગઠનમાં મહત્વનુ સ્થાન જામનગર મહાનગર શહેર યુવા ભાજપ પ્રમુખ તરીકે સહદેવભાઈ ડાભીની વરણી થતા જામનગર નવાગામ ઘેડ કોળી સમાજના અગ્રણીઓ અને સામાજીક કાર્યકર્તા સુભાષભાઈ બી. ગુજરાતી દ્વારા આ વરણીને ફટાકડા ફોળી અને મોઢા મીઠા કરાવી અને



સહદેવભાઈ ડાભીને વધવામાં આવેલ આ પ્રસંગે કોળી સેના જીલ્લા પ્રમુખ અને વોર્ડ ૧૪ કોર્પોરેટર જીતુભાઈ શીગાળા,મહાકાલી સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી મનસુખભાઈ મકવાણા, રણજીતભાઈ ગુજરાતી,બીજલભાઈ ડાભી,ભરતભાઈ ડાભી,કોળી સમાજના કોટવાર ગોપાલભાઈ બારૈયા,ચનાભાઈ સરવૈયા,નવાગામ ઘેડ કોળી સમાજના કુંટુંબના અગ્રણી રાજેશભાઈ રાઠોડ,કાંતિભાઈ કંટારીયા, રાઘવભાઈ વાઘેલા, રણજીતભાઈ ડાભી,જેન્તીભાઈ રાઠોડ,જયેશભાઈ પરમાર,મગનભાઈ ડાભી,કોળી સમાજના યુવાનો બાબાભાઈ રાઠોડ,દિનેશભાઈ શીગાળા,યોગેશ બારૈયા,કાનજીભાઈ રાઠોડ,મહેશ મકવાણા,કાનજી મકવાણા વગેરે ઉપસ્થિત રહયા હતા,

આ નિમણુંક ને ગુજરાત,જામનગર જીલ્લા અને મહાનગરના મોવડી મંડળ નો ખુબ ખુબ અભાર માને છે આ વરણીને જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લાના સમસ્ત કોળી સમાજ દ્વારા ખુબ આનંદ ની લાગણી વ્યક્ત કરી અને આ નિમણુંક ને આવકારી હતી.

# એઈમ્સના નર્સિંગ ઓફિસરના ઘરમાંથી રૂ. ૭ લાખની ચોરી

## હંસરાજનગરના મકાનમાંથી રોકડ ૧૦ હજારનો હાથફેરો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં એઈમ્સના નર્સિંગ ઓફિસરના ઘરમાંથી સોનાના ઘરેણા સહિત ૬ લાખની મત્તા તથા હંસરાજનગરના મકાનમાંથી રૂ.૧૦ હજારની ચોરી થયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્રના વતની હાલ શહેરના જામનગર રોડ પર આવેલા રત્નામ સ્કાય સીટી સી-૧૧૦૨માં રહેતા અને એઈમ્સ હોસ્પિટલમાં નર્સિંગ ઓફિસર તરીકે નોકરી કરતા ચંદ્રકુમારી મહેશભાઈ સોલંકીએ યુનિ.પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતુ કે ગત.તા.૨૭ના સવારે નોકરી ગયેલા બાદ બપોરે પરત ઘરે આવી બેડરૂમના બે કબાટ આવેલ જેમાંથી એક કબાટમાં ઘરેણા રાખેલ હોય જેમાં સોનાનું મંગલસૂત્ર કિ.રૂ.૪ લાખ, સોનાનો ચેઈન કિ.રૂ.૧ લાખ, સોનાની ત્રણ વીંટી કિ.રૂ.૧ લાખ મળી કુલ ૬ લાખના ઘરેણા જોવા મળેલ નહીં જેથી કોઈ જાણભેદુ જ ચોરી કરી ગયાની આશંકા હોવાનું જણાવતા પીએસઆઈ વી.જી.ડોડીયા સહિતના સ્ટાફે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તેમજ હંસરાજનગર ભીડબજાર શેરી નં ૦૧ બ્લોક નં ૧૫માં રહેતા શંકરલાલ કુંદનલાલ ક્રીપલાણીએ પ્ર.નગર પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.૨ના નીચેના મકાનના દરવાજાનો લોક માટેનો આંગળીયો કાપેલો હોય જેથી અંદર જઈ તપાસ કરતા સામાન વેર-વિખેર હાલતમાં હતો અને રસોડાના કબાટ ઉપર રાખેલ રોકડ રૂ.૧૦ હજાર જોવા ન મળતા કોઈ ચોરી કરી ગયાનું જણાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# પોકસો ગુનો પુરવાર ન થતા આરોપીને પોકસો કોર્ટે નિર્દોષ છોડવાનો હુકમ કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પોકસો એક્ટ અંતર્ગત નોંધાયેલા એક કેસમાં ગુનો નિઃસંદેહ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ જતા માનનીય પોકસો કોર્ટે આરોપી જયેશભાઈ રમેશભાઈ સોલંકીને તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કરવાનો હુકમ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ તા. ૦૫-૧૧-૨૦૨૩ના રોજ સવારે આશરે ૦૭.૦૦ કલાકે આરોપી દ્વારા ફરીયાદીની સગીર વયની દીકરી (ઉ.વ. ૧૭ વર્ષ, જન્મ તારીખ ૧૭-૧૦-૨૦૦૬)નું લલચાવી-ફોસલાવી અપહરણ કરી પાટણ તથા ત્યારબાદ અમદાવાદ લઈ જઈ અવારનવાર શરીરસંબંધ બાંધ્યાનો આક્ષેપ સાથે મોરબી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પોકસો સહિતનો ગુનો નોંધાયો હતો. આ અનુસંધાને મોરબી એ-ડિવિઝન પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

કેસની સુનાવણી દરમિયાન ફરીયાદપક્ષ તરફથી રજૂ કરાયેલા પુરાવાઓમાં બનાવ સમયે ભોગબનનાર ખરેખર સગીર વયની હતી તે બાબત નિઃસંદેહ પુરવાર થઈ શકી નહોતી. ઉપરાંત, ડોક્ટરના પુરાવામાં ભોગબનનાર સાથે જોરજબરદસ્તી કે બળજબરીપૂર્વક કોઈ દુષ્કૃત્ય થયું હોવાનું કોઈ વિશ્વસનીય પુરાવો રજૂ થયો નહોતો. તપાસ અધિકારી સહિતના સાક્ષીઓની જુબાની બાદ બચાવ પક્ષના વકીલ યુવા એડવોકેટ જે.ડી. સોલંકી, પી.ડી. પરમાર દ્વારા એવી દલીલ કરવામાં આવી કે ફરીયાદપક્ષના નિવેદનો પરસ્પર વિરોધાભાસી છે અને ભોગબનનાર, તેના



પરિવારજનો તેમજ અન્ય સ્વતંત્ર સાક્ષીઓએ ફરીયાદના આક્ષેપોને સમર્થન આપ્યું નથી.

બન્ને પક્ષકારોની વિસ્તૃત દલીલો અને કેસના સમગ્ર પુરાવાનો વિચારણા બાદ માનનીય કોર્ટે ઠરાવ્યું કે આરોપ સામેનો પોકસો એક્ટ હેઠળનો ગુનો સાતત્યસભર, વિશ્વસનીય અને આધારભૂત પુરાવાથી પુરવાર થતો નથી. જેના આધારે આરોપી જયેશભાઈ રમેશભાઈ સોલંકીને પોકસો સહિતના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ છોડવાનો હુકમ કરાયો. આ કેસમાં બચાવ પક્ષ તરફેથી મોરબી જિલ્લાના યુવા એડવોકેટ શ્રી જે.ડી. સોલંકી, એડવોકેટ જયેશ પટેલ તથા પી.ડી. પરમાર દ્વારા દલીલો કરવામાં આવી હતી, જ્યારે તેમની સાથે એડવોકેટ મયુર ઊભડિયા, દીપક મકવાણા, નીલેશ ચાવડા, હસમુખ ચાવડા, આરતી અમૃતિયા, જીતેન્દ્ર વાઢેર, વીરલ છનિયારા અને જયકાંત મકવાણા પણ જોડાયેલા હતા.

# ભુપેન્દ્ર રોડ પર રીક્ષામાં આવેલી બેલડીએ યુવકને ગુપ્ત ભાગે છરીના ઘા ઝીકયા

## પત્નિ સાથે માથાકુટ કરતો હતો ત્યારે રીક્ષામાં આવેલ શખ્સોએ કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કરણપરા બાલાજી હનુમાન મંદિર પાસે પૈસા બાબતે પત્ની સાથે બોલાચાલી કરતા યુવાન પર હુમલો કરી ગુપ્ત ભાગે છરીના ઘા ઝીંકી દેવાયા હતા. હુમલાને પગલે ભીડ એકત્રિત થઈ જતા બંને શખ્સો રિક્ષા લઈને નાસી ગયા હતા. એ ડિવિઝન પોલીસે બનાવ અંગે ગુનો નોંધી હુમલાખોરોની શોધખોળ શરુ કરી છે.

બનાવ અંગે આરટીઓ કચેરી પાછળ નરસિંહનગર શેરી નંબર-૭માં ભાડેથી રહેતા ૩૮ વર્ષીય યુવાન વિનોદભાઈ ઉર્ફે વિજય લઘુશંકરભાઈ ધામેલએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે બાઘા અને હિરેન વાણંદનું નામ આપી જણાવ્યું હતું કે, તે અને તેમના પત્ની સોનલબેન બંને બાલાજી મંદિર ભુપેન્દ્ર રોડ ખાતે ફૂલહાર વેચીને પરિવારનુ ગુજરાન ચલાવે છે. ગઈ તા.૩૧ ના રાત્રિના સમયે ભુપેન્દ્ર રોડ પર આવેલ બાલાજી મંદિર ખાતે ફૂટપાથ પર સૂતો હતો અને પત્ની બાલાજી મંદિર પાસે ફુલહાર વેચીને ઘરે જતા રહેલા હતા.

બાદ બપોરના બારેક વાગ્યે તે બાલાજી મંદિર ખાતે હતો ત્યારે પત્ની સોનલબેન ફુલહાર વેચવા બાલાજી મંદિર ખાતે આવેલ હતા. તે તેની પાસે ગયેલ હતો. તેને પત્ની પાસે વાપરવાના રૂપિયા માંગતા તેણે પૈસા આપવાની ના પાડેલ હતી. જે બાબતે પત્ની સાથે બોલાચાલી થતી હતી. દરમિયાન અગાઉનો મિત્ર બાપુનો છોકરો બાઘો તથા હિરેન વાણંદ બંને રીક્ષામાં પત્ની સોનલબેન પાસે આવેલ હતા. હિરેન વાણંદ રીક્ષામાં પાછળની સીટમાં બેઠેલ હતો. તેણે સીટની પાછળથી છરી કાઢી બાઘાને આપેલ હતી. આરોપી બાઘો તેની પાસે રહેલ છરી વડે નીતંબથી થોડે નીચે સાથળના ભાગે છરીનો ઘા મારેલ હતો. બાદ ઈન્દ્રિયના ગુપ્ત ભાગે છરીનો ઘા મારતા લોહી નીકળતા ત્યાં હાજર મિત્રએ છોડાવેલ હતો. ત્યાં ભીડ ભેગી થઈ જતાં બંને શખ્સો રીક્ષા લઈને જતા રહેલા હતા. બાદ પત્નીએ ૧૦૮ એમ્બયુલન્સ બોલાવી સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે લઈ ગયેલ હતી. અવધુમાં યુવાને ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, મને દારૂ પીવાની ટેવ હોય અને મેં મારી પત્ની પાસે દારૂ પીવા તથા વાપરવાના રૂપિયા માગતા અમારા બંને વચ્ચે બોલાચાલી થતી હોય દરમિયાન બંને શખ્સોએ રિક્ષામાં ધસી આવી હુમલો કર્યો હતો. જે બનાવ અનુસંધાને એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી બંને શખ્સોની શોધખોળ આદરી હતી.

# આજીડેમ ચોકડી પાસે ટ્રાફિક વોર્ડન પૈસા કટકટાવતો હોવાનો વિડીયો વાયરલ

## સોશ્યલ મિડીયામાં વાયરલ થયેલા વિડીયો બાદ તપાસના આદેશ અપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં આજીડેમ ચોકડી પાસે એક ટ્રાફિક વોર્ડન કાર ચાલક પાસેથી ઉઘરાણા કરતો નજરે પડયો હતો. જેનો હાલ વિડીયો સોશ્યલ મીડીયામાં વહેતો થયો છે. વાયરલ વિડીયો બાદ વોર્ડન સામે કાર્યવાહી કરવા તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

આજીડેમ ચોકડી પર સોમવારે સવારે એક ટ્રાફિક વોર્ડન વાહન ચાલકોને રોકી ઉઘરાણા કરતો નજરે ચડયો હતો.જેનો હાલ સોશ્યલ મીડીયામાં વિડીયો પણ વાયરલ થયો છે.વાહનચાલકોને હેરાન ન કરી સાઈડમાં લઈ જઈ પૈસા કટકટાવવા ટ્રાફિક વોર્ડનનોનો આ નિત્યક્રમ બની ગયો હોય તેવી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા ટ્રાફિકશાખાના કોઈ અધિકારીઓ વોર્ડન સાથે હોય તો જ તે વાહન ચાલકોને રોકી શકે છે.પરંતુ અધિકારીઓ વગર વાયરલ વિડીયોમાં દેખાતા વોર્ડનને વાહન ચાલકોને રોકી તેની પાસેથી ઉઘરાણા કરવાની સત્તા કોણે આપી તે પણ એક સવાલ ઉઠયો છે.હાલ ઉચ્ચ અધિકારી દ્વારા ઘટનાને લઈ તપાસના આદેશ આપવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

# પોલીસ ભરતીની દોડ પૂરી થયા બાદ યુવાનનું બેભાન થઈ જતા મોત

## ગોંડલ એસઆરપી કેમ્પમાં દોડ પૂરી કરી બહાર નીકળતા જ ગીર સોમનાથનો ૨૭ વર્ષીય આશાસ્પદ યુવાન ઢળી પડ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત પોલીસ ભરતીની શારીરિક કસોટી દરમિયાન સોમવારે એક અત્યંત કરુણ ઘટના સામે આવી છે. ગોંડલના ગ્રાઉન્ડ ખાતે દોડ પાસ કર્યા બાદ ગીર સોમનાથના ૨૭વર્ષીય યુવાન નીતિન ચૌહાણનું હૃદયરોગના હુમલાને કારણે મોત નિપજ્યું છે. આશાસ્પદ યુવાનના મોતથી પરિવારમાં ઘેરો શોક છવાઈ ગયો હતો.

આ અંગેની મળતી વિગત મુજબ, કોડીનારના વડનગર ગામનો વતની



નીતિન ચૌહાણ (ઉં.વ. ૨૭) સોમવારે સવારે ગોંડલ SRP ગ્રાઉન્ડ ખાતે શારીરિક કસોટી આપવા હાજર રહ્યો હતો. BSC અને MSC જેવી ઉચ્ચ પદવી ધરાવતા નીતિને ૫ કિમીની દોડ નિર્ધારિત ૨૫ મિનિટના બદલે માત્ર ૨૩ મિનિટમાં પૂર્ણ કરી પરીક્ષા પાસ કરી હતી. સફળતાના હર્ષ સાથે જેવો તે ગ્રાઉન્ડની બહાર નીકળી મિત્રના રૂમ તરફ જઈ રહ્યો હતો ત્યારે જ તેને છાતીમાં અસહ્ય દુખાવો ઉપડયો હતો. મિત્રો તાત્કાલિક તેને બાઈક પર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. ઘટનાની ગંભીરતાને જોતા એ-ડિવિઝન PI એલ.આર. ગોહિલ સહિતનો પોલીસ કાફલો સિવિલ હોસ્પિટલ પહોંચ્યો હતો. ગ્રાઉન્ડ પાસ કરીને ખાખી પહેરવાના ઉત્સાહમાં રહેલા યુવાનના મૃતદેહને જોઈ ત્યાં હાજર અધિકારીઓ અને અન્ય ઉમેદવારોની આંખો પણ ભીની થઈ ગઈ હતી.

જણાવ મળ્યા મુજબ નીતિને અગાઉ ની પરીક્ષા આપી હતી. જેમાં ગ્રાઉન્ડ પાસ કર્યા બાદ લેખિતમાં ૨૨૦માંથી ૨૧૭ માર્કસ મેળવ્યા હતા. માત્ર ૩ માર્કસના અંતરથી ખાખી પહેરવાનું સપનું અધૂરું રહેતા તેણે ફરી કમર કસી હતી. ખેતીકામ કરતા પિતાનો નીતિન નાનો પુત્ર હતો.

# ગોંડલમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ખુલ્યો: તસ્કર ઝડપાયો, બેની શોધખોળ

## રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ટીમે રૂ.૩.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો: શાપર-વેરાવળમાં ચાર બાઈકની ઉઠાંતરી કરનાર શખ્સની ધરપકડ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગોંડલમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી નાખી એક તસ્કરની ધરપકડ કરી રૂ.૩.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથધરી છે.

આ અંગેની માહિતી મજુબ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈના માર્ગદર્શન હેઠળ એએસઆઈ ડી.પી.ઝાલા, હેડ કોન્સ. દિપકભાઈ, મનીષભાઈ, ધર્મરાજસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે એક શખ્સ સોના-ચાંદીના ચોરાઉ દાગીના વેચવા આવતો હોવાની હકિકતના આધારે પોલીસે વૉચ ગોઠવી શની ઉર્ફે કાલી ચંદુ ચુડાસમા (રહે.જીવનનગર, મેંદરડા રોડ, જૂનાગઢ)ને અટકાયતમાં લઈ આકરી પુછપરછ કરતા આ શખ્સે ભાદા દુલા સોલંકી (રહે.ઠેબર કોલોની, મફતીયાપરા, રાજકોટ) અને આકાશ ઉર્ફે ભભૂતી બિકાઉ ચૌહાણ (રહે.ઉત્તરપ્રદેશ)ની સાથે મળી ગોંડલ સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ત્રણ મહિના પહેલા એક બંધ મકાનમાં સોના-ચાંદીના દાગીનાની ચોરી કર્યાની કબૂલાત આપતા પોલીસે રૂ.૩.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી અન્ય બે આરોપીઓ ભાદા સોલંકી અને આકાશ ઉર્ફે ભભૂતીની શોધખોળ આદરી છે.

જયારે અન્ય એક બનાવમાં શાપર-વેરાવળ પોલીસ મથકના પીઆઈ આર.બી.રાણાની સૂચનાથી હેડ કોન્સ. જગશીભાઈ, કોન્સ. કલ્પેશભાઈ, વિમલભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન અક્ષય સનમુખ મહેતા (રહે.શાંતિધામ સોસાયટી, મુળ વતન પ્રાંચી) ગામનો શખ્સ કાળા કલરનું બાઈક નંબર વગરનું લઈ નિકળતા પોલીસે તેને અટકાવી બાઈક અંગેના આધાર પુરાવા, કાગળો અંગે પુછપરછ કરતા બાઈક ચોરાઉ હોવાનું માલુમ પડતા પોલીસે આ શખ્સની અટકાયત કરી આકરી પુછપરછ કરતા આઠ મહિના પહેલા ગોંડલ બસ સ્ટેશન પાસેથી, દસ દિવસ પહેલા રીબડા રેલ્વે સ્ટેશન પાસેથી સહિત ચાર બાઈકની ચોરી કરી હોવાની કબૂલાત આપતા પોલીસે રૂ.૮૦ હજારની કિંમતના ચાર બાઈક કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જોડીયાના વીરપર ગામે ભૂમાફિયા અને લુખ્ખા તત્ત્વોનો આતંક...?

## નદીના પટમાંથી રેતી ચોરી કરતા શખ્સો છાસવારે ઝઘડા કરી બહેન-દિકરીઓની છેડતી કરતા હોવાના આક્ષેપ સાથે જામનગર પોલીસ અધિક્ષકને ગ્રામજનોએ આવેદનપત્ર પાઠવ્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગરના જોડીયા તાલુકાના વીરપર, રણજીતપર ગામના રહેવાસીઓએ ભૂમાફિયા અને આવારા તત્ત્વોના આતંક સામે પોલીસ રક્ષણની માંગ સાથે જામનગર જીલ્લા પોલીસ અધિક્ષકને લેખીતમાં આવેદનપત્ર પાઠવી ભૂમાફિયાઓ અને આવારા તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવા માગ કરવામાં આવી છે.

આ અંગે રણજીતપર ગ્રામ પંચાયતના સરપંચ રણછોડભાઈ બેચરભાઈ રાઠોડ તથા ગ્રામજનો દ્વારા ગામમાં રહેતા અને ખાણ-ખનીજ, રેતી ચોરી કરતા ભૂમાફિયા નિલેશ કરશન માલવીયા (રહે. બાલંભા, હાલ ધ્રોલ) તથા રેનીશ શાંતિલાલ ગરસોડીયા (રહે.ધ્રોલ) તથા તેઓના મળતીયાઓ વિરૂધ્ધ લેખીતમાં આવેદનપત્ર જીલ્લા પોલીસ અધિક્ષકને આપવામાં આવ્યું છે કે, આ શખ્સો દ્વારા ગામની ભાગોળે આવેલ આજી નદીના પટ્ટમાંથી ખનીજચોરી પરવાના વગર કરવામાં આવતી હોય અને આ બાબતે ગામના જાગૃત નાગરિક દ્વારા ફરીયાદ કરવામાં આવે તો આ શખ્સો અને તેના મળતીયાઓ દ્વારા મારમારી ગ્રામજનોને ધમકીઓ આપવામાં આવતી હોય તેમજ ગામના મુખ્ય માર્ગો પર પસાર થતી બહેન-દિકરીઓની પણ અવારને અવાર આ લુખ્ખા તત્ત્વો દ્વારા છેડતી કરી હેરાન-પરેશાન કરવામાં આવે છે. આ ભૂમાફિયાઓના ત્રાસથી ગ્રામજનોએ હિજરત કરવી પડે તેવા સંજોગો ઉભા થયા છે. આ શખ્સો સામે કડક કાર્યવાહી કરવા તેમજ ગામમાં પોલીસનો ચાંપતો બંદોબસ્ત રાખવા અંગે જીલ્લા પોલીસ અધિક્ષકને ગ્રામજનો દ્વારા લેખીતમાં આવેદન પત્ર આપી રજૂઆત કરવામાં આવી છે.

# જંગલેશ્વરના અસરગ્રસ્તોને હાઈકોર્ટની મોટી રાહત: ૯૦ દિવસની મુદ્દત મળી

## ૯૦ દિવસમાં કલેકટર મહેસુલ તંત્રમાં નવેસરથી અરજીની કાર્યવાહી કરવા સૂચના: અસરગ્રસ્તોના પુર્નવસન વિશે વિચારવા પણ સરકારને સલાહ: સંભવિત ડિમોલીશનને હાલ તુર્ત બ્રેક



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જંગલેશ્વરમાં ગેરકાયદે દબાણો પર મેગા ડિમોલીશનની તૈયારી વચ્ચે હાઈકોર્ટે અસરગ્રસ્તોની તરફેણમાં હુકમ કર્યો છે કે કલમ ૨૦૨ હેઠળ અપાયેલી રેવન્યુ નોટીસ રદ્દ કરવા ઉપરાંત કલેકટર-મહેસુલી તંત્રમાં ૯૦ દિવસમાં નવેસરથી અરજી કરવા આદેશ કર્યો છે ઉપરાંત અસરગ્રસ્તો માટે વૈકલ્પિક વ્યવસ્થા વિશે પણ સલાહ આપી છે. રાજકોટમાં ૧૬૦૦ પરિવારોની વસ્તી ધરાવતા જંગલેશ્વરમાં જંગી ગેરકાયદે દબાણ હોવાના ગેરકાયદે દબાણ હોવા સાથે રાજકોટનું કલેકટર તંત્ર એકશનમાં આવ્યું હતું. સરકારી જમીનમાં ખડકાયેલા દબાણો ખાલી કરવા નોટીસો આપી હતી.તમામ પરિવારોના લેખીત નિવેદનો અને વાંધા સુચનો પણ લેવામાં આવ્યા હતા અને છેવટે આ પ્રક્રિયા બાદ તમામને કલમ ૨૦૨ હેઠળ નોટીસો ફટકારીને ગેરકાયદે દબાણ ખાલી કરવા અને મેગા ડિમોલીશન હાથ ધરવાનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. ગત સપ્તાહે જિલ્લા કલેકટર દ્વારા પણ જંગલેશ્વરમાં પણ ડિમોલીશન થવાની સ્પષ્ટ જાહેરાત કરી લીધી હતી.ડિમોલીશનના ખતરા વચ્ચે અસરગ્રસ્તોએ હાઈકોર્ટના દ્વારા ખખડાવ્યા હતા. ગત સપ્તાહમાં સુનાવણી દરમ્યાન કલેકટર તંત્ર વતી સરકારી વકીલ હાજર રહ્યા ન હતા. ત્યારે હાઈકોર્ટે ત્રણ દિવસનો સમય આપ્યો હતો. આ કેસમાં સુનાવણી થઈ હતી. બંને પક્ષો દ્વારા આધાર પુરાવા સહિતની વિગતો સાથે દલીલો રજુ કરવામાં આવી હતી. હાઈકોર્ટે એક તબકકે અસરગ્રસ્તોના પુનઃવસન વિશે સવાલ પૂછ્યો હતો. સરકારી વકીલ દ્વારા પણ ધારદાર દલીલો રજુ કરવામાં આવી હતી જયારે અસરગ્રસ્તોના વકીલ તરફથી સુપ્રીમ કોર્ટના જુદા જુદા ચુકાદાઓ ટાંકવાની સાથોસાથ આ સ્થળે વર્ષોથી પરિવારોનો વસવાટ હોવા સહિતની દલીલો કરવામાં આવી હતી.સામસામી દલીલો બાદ હાઈકોર્ટે જંગલેશ્વરના અસરગ્રસ્તો રાહત આપતો ચુકાદો આપ્યો હતો જે અંતર્ગત કલમ ૨૦૨ હેઠળની નોટીસ રદ્દ કરવાનો હુકમ કર્યો હતો.

# મોરબીરોડ પર સેટેલાઈટ ચોકમાં પતિના વિયોગમાં પત્નીનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મોરબી રોડ પર સેટેલાઈટ ચોકમાં પતિના વિયોગમાં પત્નીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી છે. જયારે બીજા બનાવમાં વિરડા વાજડીમાં રહેતા અને સ્કૂલવાન ચલાવતા યુવાને અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધુ હતું. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ મોરબી રોડ પર સેટેલાઈટ ચોક પાસે રહેતા વર્ષાબેન નંદરામ મેસવાણી (ઉ.વ.૫૫) નામના પ્રૌઢાએ આજે સવારે પોતાના ઘરે હતા ત્યારે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતા બી ડિવિઝન પોલીસ મથકના સ્ટાફે ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતકને સંતાનમાં એક પુત્ર હોવાનું અને પતિનુ અવસાન થયું હોય તેના વિયોગમાં ગુમસુમ રહેતા હોય જેના કારણે આ પગલું ભરી લીધાનુ જાણવા મળ્યુ છે. આ બનાવથી એકના એક પુત્રએ પિતા બાદ માતાની પણ છત્રછાયા દેતા પરિવારમાં શોકની લાગણી છ્વાઈ જવા પામી છે. જયારે બીજા બનાવમાં કાલાવડ રોડ પર આવેલા વિરડા વાજડી ગામે રહેતા સુજલ પરમાર યુવાને અરવિંદભાઈ (ઉ.વ.૨૮)નામના અગમ્ય કારણોસર પોતાના ઘરે એંગલમાં પેન્ટ બાંધી ગળફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો આ અંગે યુનિવર્સિટી પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# કોટડા સાંગાણીના નારણકા ચોકડી પાસે યુવાનને માર મારી લૂંટ ચલાવનાર બેલડી ઝડપાઈ

## ભાયાવદર પંથકમાં દુષ્કર્મના કેસનો આરોપી તેંલગણા રાજયમાંથી પકડાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

બે દિવસ પહેલા મોડી રાત્રીના સમયે કોટડા સાંગાણીના નારણકા ચોકડીથી સોડીયા ગામ તરફ જતા રસ્તે યુવાનના આંખમાં મરચાની ભુકી છાંટી બાઈક, રોકડ, મોબાઈલની લૂંટ થયાના બનાવમાં ગ્રામ્ય એલસીબીની ટીમે ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી નાખી બે શખ્સોની ધરપકડ કરી કાયદાના સંઘર્ષમાં આવેલા બાળ બે બાળ આરોપીની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ રામપરા (નવાગામ)માં રહેતા રણજીતભાઈ નરેશભાઈ બાબરીયા નામના યુવાને ગઈ તા.૧-૨-૨૦૨૬ના કોટડા સાંગાણી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી કે, પોતે મોડી રાત્રીના પોતાનું બાઈક નંબર જીજે૦૩કેઈ૭૭૧૧ નંબરનું લઈ કારખાનેથી પોતાના ઘરે જતો હતો ત્યારે નારણકા ચોકડીથી સોડીયા ગામ તરફ જતા રસ્તે ચાર અજાણ્યા શખ્સો બાઈકને આંતરી મારમારી આંખમાં મરચાની ભૂકી છાંટી રોકડા રૂપિયા, મોબાઈલ તથા બાઈકની લૂંટ કરી નાસી ગયા હોવાની ફરીયાદ નોંધાવી હતી. બનાવના પગલે સ્થાનિક પોલીસની ટીમ તથા ગ્રામ્ય એલસીબીની ટીમ દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. તે દરમ્યાન રૂરલ એલસીબીના એએસઆઈ ઈન્દ્રસિંહ, જયવિરસિંહ, હેડ કોન્સ. ભગીરથસિંહ સહિતના સ્ટાફે ગુંદાળા ગામની આસપાસના સીસીટીવી ફૂટેઝ ચેક કરી તથા બાતમી દારોનું નેટવર્ક કામે લગાડયું હતું. તે દરમ્યાન કોટડા સાંગાણીના અરડોઈ ગામે રેલ્વે ફાટકના અંડરગ્રાઉન્ડ પુલ પાસેથી રોહિત મલખાનસિંહ રાજપૂત (રહે.જીગની ગામ, યુપી, હાલ રીબડા રેલ્વે પાસે કારખાનાની ઓરડીમાં) તથા મીલન પ્રફુલ ત્રિવેદી (રહે.જેતલસર જંકશન, હાલ રીબડા રેલ્વે સ્ટેશન પાસે કારખાનાની ઓરડીમાં) નામના બે શખ્સોને દબોચી લઈ લૂંટ કરેલ મોબાઈલ, બાઈક સહિત રૂ.૪૯૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદાના સંઘર્ષમાં આવેલ બે બાળ આરોપીની શોધખોળ શરૂ કરી છે.

જયારે અન્ય એક બનાવમાં ભાયાવદર પોલીસમાં ગઈ તા.૨૯-૧ના એક મહિલા સાથે અવારને અવાર અલગ-અલગ સ્થળોએ લઈ જઈ તેના પર દુષ્કર્મ કર્યાની ફરીયાદ સુભાષ કનુ સોંદરવા (રહે.પાસવારી ગામ, તાલુકો કુતીયાણા) વિરૂધ્ધ નોંધાવી હોય જેના પગલે પીઆઈ વી.સી.પરમાર અને તેની ટીમના પોલીસ જવાનોએ તપાસ હાથ ધરી આ શખ્સ તેંલગણા રાજયમાં હોવાની હકિકત મળતા પોલીસે ઉપરોકત સ્થળે દોડી જઈ સ્થાનિક પોલીસની મદદ લઈ દુષ્કર્મના કેસના આરોપી સુભાષ સોંદરવાની ધરપકડ કરી છે.

# માલધારી ફાટક નજીક સેલ્ફી લેતા ૩ યુવકને વંદેભારત ટ્રેને ઉડાવ્યા, ૨નાં મોત

## રેલ્વે ટ્રેક પાસે એક યુવાન ઉછળતા ગંભીર, રાજકોટની ગોંડલ ચોકડી પાસેનો બનાવ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં હાઈસ્પીડ વંદે ભારત ટ્રેનની હડફેટે ત્રણ વ્યક્તિઓ આવી ગયા હતાં. ભક્તિનગર અને રિબડા રેલવે સ્ટેશન વચ્ચે આવેલા માલધારી ફાટક નજીક આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જયારે અન્ય એકનું સારવાર દરમિયાન મોત નીપજયું છે એન એકને ગંભીર ઈજા પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે રેલવે તંત્ર અને સ્થાનિક પોલીસમાં દોડધામ મચી ગઈ હતી અને લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયાં હતાં.

પ્રત્યક્ષદર્શી કુલદીપ કોહલીએ જણાવ્યું હતું કે, સેલ્ફી લેવાના ચક્કરમાં અકસ્માત સર્જાયો હતો. અમે સાંજે ૪ વાગ્યે રૂમ પરથી નીકળ્યા હતા. મારી સાથે અન્ય મિત્રો સંદીપ કોહલી, સંદીપ પટેલ અને કપિલ પટેલ પણ હતા. તેઓ એક મિત્રને મૂકવા માટે જઈ રહ્યા હતા ત્યારે રેલવે લાઈન પાસે ફોટા અને

સેલ્ફી લેવાનું નક્કી કર્યું હતું. જયારે તેઓ ટ્રેક પાસે સેલ્ફી લઈ રહ્યા હતા, ત્યારે અચાનક સામેથી ટ્રેન આવી ગઈ હતી. ટ્રેન આવતી હોય તેવી રીલ અને સેલ્ફી લેવામાં આવી રહી હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. ત્રણેય યુવકો ઉત્તરપ્રદેશનાં રહેવાસી, અને રાજકોટના કારખાનામાં મજૂરી કામ કરતા હતાં. સમગ્ર મામલે રેલવે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ ૨ ફેબ્રુઆરી બપોરના સમયે વંદે ભારત ટ્રેન પોતાના નિર્ધારિત રૂટ પર પસાર થઈ રહી હતી. ત્યારે અચાનક ૩ વ્યક્તિઓ ટ્રેનની અડફેટે આવી ગયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રેનને તાત્કાલિક ઉભી રાખવાની ફરજપડી હતી. સ્થાનિકો દ્વારા આ અંગેની જાણ કરવામાં આવતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

સ્થળ પરથી પોલીસને મોબાઈલ ફોન પણ મળી આવ્યો છે. જેમાં રેલવે ટ્રેક ઉપર સેલ્ફી લેતા હોય તે પ્રકારના અગાઉના ફોટા પણ મળી આવ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ત્રણેય મિત્રો માલધારી ફાટક નજીક આવેલા એક કારખાનામાં મજૂરી કામકાજ કરતા હોવાનું તેમજ ઉત્તરપ્રદેશના રહેવાસી હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસ દ્વારા મૃતકોના આધાર કાર્ડ સહિતના દસ્તાવેજો મેળવવા પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. બંને મૃતકોની લાશને પોસ્ટ મોર્ટમ અર્થે પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવી છે.

રાજકોટ ૧૦૮ના અધિકારી કીર્તનભાઈ પરમારે દિવ્યભાસ્કર સાથેની ટેલીફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, બપોરે વંદે ભારત ટ્રેન હડફેટે ત્રણ વ્યકિતઓ આવ્યા હોવાનો કોલ મળતા જ અમારી ટીમ લોકેશન પર પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં જ એક વ્યક્તિ મૃત જાહેર કરવામાં આવી હતી, જ્યારે અન્ય ૨ ઈજાગ્રસ્તોને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યારે અન્ય એક યુવકનો સારવાર દરમિયાન જીવ ગયો.

આ અકસ્માતને પગલે રાજકોટ છ્જ૧ (રેલવે પ્રોટેક્શન ફોર્સ) ના ઉજઈ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, માલધારી ફાટક પાસે બનેલી આ ઘટનાની ગંભીરતાને જોતા તાત્કાલિક તપાસના આદેશ આપવામાં આવ્યા છે. રેલવે પોલીસ અને સ્થાનિક પોલીસ અત્યારે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ માત્ર એક અકસ્માત છે કે પછી સામુહિક આત્મહત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તેની તપાસ હાથ ધરી છે

# શિવનગરમાં મામાના ઘરે રમતા-રમતા પાણીની ડોલમાં ડૂબી જતા માસૂમ બાળકીનું મોત

## માતા રિસામણે હોવાથી બાળકી મોસાળમાં હતી: મામીએ જોયું તો બાળકી ડોલમાં બેભાન મળી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલા શિવનગરમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. રીસામણે આવેલી પરિણીતાની ૨ વર્ષની બાળકીનું મામાના ઘરે રમતા-રમતા પાણી ભરેલી ડોલમાં ડૂબી જતાં મોત નીપજ્યું હતું. બનાવને પગલે પરિવારમાં ઘેરો શોક છ્વાઈ જવા પામ્યો છે.

આણંદપર (બાઘી) ગામના વતની અનિલભાઈ સોલંકીની ૨ વર્ષીય પુત્રી ધર્મિષ્ઠા તેની માતા પૂજાબેન સાથે છેલ્લા બે મહિનાથી રાજકોટના શિવનગર શેરી નં. ૧ માં રહેતા નાના દેવરાજભાઈ મોહનભાઈ ઉંધરેજીયાના ઘરે રહેતી હતી. પૂજાબેન રિસામણે હોવાથી સંતાનો સાથે પિયરમાં રોકાયા હતા. રવિવારે રાત્રે આઠેક વાગ્યાના સુમારે ધર્મિષ્ઠા તેના મામાના સંતાનો સાથે ફળિયામાં રમી રહી હતી જ્યારે પરિવારના અન્ય સભ્યો ઘરની અંદર હતા. ધર્મિષ્ઠા રમતા-રમતા ફળિયામાં પડેલી પાણીની ડોલમાં ઊંધી પડી હતી. ધર્મિષ્ઠાના મામી નજર ફળિયામાં જતાં માસૂમ ધર્મિષ્ઠા ડૂબેલી અને બેભાન હાલતમાં પડી હતી. બાળકીને તાત્કાલિક સારવાર અર્થે કુવાડવા રોડ પર ખાનગી હોસ્પિટલ ત્યારબાદ રાજકોટ ઝનાના હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ તેને તપાસીને મૃત જાહેર કરી હતી. મૃતક ધર્મિષ્ઠા એક ભાઈ અને એક બહેનમાં નાની હતી. વ્હાલસોયી દીકરીના અકાળે અવસાનથી સોલંકી અને ઉંધરેજીયા પરિવારમાં માતમ છવાયો છે.

# ભાવનગર રોડ પર ST બસ સાથે રીક્ષા અથડાવી બે શખ્સોએ કરી દાદાગીરી

## બસ ઉભી રાખવા બાબતે ડ્રાઈવર સાથે ઝપાઝપી અને મારપીટ કરી ફરજમાં રૂકાવટ કરતા નોંધાયો ગુનો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભાવનગર રોડ પર સરકારી પોલીટેકનીક કોલેજ સામે એસટી બસ અને રીક્ષા વચ્ચે થયેલા અકસ્માત બાદ રીક્ષા ચાલકોએ બેફામ બની એસટી ડ્રાઈવર સાથે મારપીટ કરી ફરજમાં રૂકાવટ કર્યાની ઘટના સામે આવી છે. આ મામલે થોરાળા પોલીસે બે રીક્ષા ચાલકો વિરુદ્ધ ગુનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી છે.

આ અંગેની વિગતો મુજબ, મૂળ ભાવનગરના હડમતાળા ગામના વતની અને ભુજ ડેપોમાં એસટી ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા કૃષ્ણરાજસિંહ રઘુવિરસિંહ ગોહિલ (ઉ.વ. ૩૫)એ થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, તેઓ કંડક્ટર મહેશભાઈ જાપડીયા સાથે ભુજ-ગઢડા રૂટની બસ (GJ-18-ZT-3198) લઈને જઈ રહ્યા હતા. રાજકોટ બસ પોર્ટથી મુસાફરો ભરી ગઢડા જવા રવાના થયા ત્યારે ભાવનગર રોડ પર પોલીટેકનીક કોલેજ પાસે ટ્રાફિક હોવાથી તેમણે બસ સાઈડમાં રાખી હતી. તે દરમિયાન રીક્ષા (GJ-27-U-8308)ના ચાલકે સાઈડ કાપવા જતાં બસ સાથે રીક્ષા ભટકાડી હતી. જેના કારણે બસના ઈન્ડીકેટર અને પતરાના ભાગે

નુકસાન થયું હતું. ડ્રાઈવર અને કંડક્ટરે નીચે ઉતરી તપાસ કરી ઉપર અધિકારીને જાણ કરતા કાયદેસરની કાર્યવાહીની સૂચના મળી હતી. દરમિયાન રીક્ષા ચાલકે તેના (પિતત ગાન કરીને બીજી રીક્ષા (GJ-09-AL-2913) ચાલકને બોલાવ્યો હતો. બંને ચાલકોએ ઉશ્કેરાઈને કહ્યું હતુ કે, ''આવા સામાન્ય લીટાના કોઈ પૈસા ન હોય. ''તેમ કહી ગાળોભાંડી'' જો તારે આ રાજકોટ-ભાવનગર રૂટ પરથી નીકળવું હોય તો શાંતિથી બસ જવા દેવી પડશે'' તેવી ધમકી આપી આરોપીઓએ ડ્રાઈવરનો શર્ટનો કોલર પકડી, બટન તોડી નાખી અને ફડાકા ઝીંકી દીધા હતા. જે બાદ બંને રીક્ષા ચાલકો ત્યાંથી નાસી છૂટ્યા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# જિલ્લા પંચાયત ચોકમાં મધરાત્રીએ યશ બેંકમાં આગ ભભૂકી ફર્નિચર સહિતની સામગ્રી બળીને ખાક



તસવીર : ગૌરવ લશ્કરી



## ત્રણ ફાયર ફાઈટરોએ અર્ધો કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જિલ્લા પંચાયત ચોક નજીક આવેલી યશ બેંકમાં મધરાત્રીના આગ લાગવાની ઘટના બનતા ફાયર બ્રિગેડને જાણ કરાતા ત્રણ ફાયર ફાઈટરો દોડી જઈ અર્ધો કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ઘટનાને પગલે મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો હતો.

જિલ્લા પંચાયત ચોક પાસે આવેલા કોમ્પલેક્ષના બીજા માળે આવેલી યશ બેંકમાં મધરાત્રીના આગ ભભૂકતા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. બનાવના પગલે ત્રણ ફાયર ફાઈટરો દોડી જઈ આગ વધુ વિકરાળ ન બને તે માટે સતત અર્ધો કલાક સુધી પાણીનો મારો ચલાવ્યો હતો. ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવતા કોમ્પલેક્ષના આસપાસના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

આગ લાગવાની ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળા એકઠા થયા હતા અને ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાયા બાદ મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. અને એકઠા થયેલા ટોળાને વિખેરી ટ્રાફીક હળવો કર્યો હતો.

આગ લાગવાની ઘટનામાં બેંકના જવાબદાર અધિકારીઓ પણ દોડી આવ્યા હતા. બેંકમાં આગ લાગતા ફર્નિચર, ઈલેકટ્રીક સામાન સહીત બળીને ખાક થઈ ગયું હતું. પરંતુ આગ કયા કારણોસર લાગી તેનું ચોક્કસ કારણ જાણવા ન મળ્યું નહતું.